RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 275* Date: 01.08.2024,Monday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# શિવસેનાના નેતા સંજય રાઉતના ઘરે ઈડીના દરોડા

## દાદરમાં આવેલો ફ્લેટ સીલ,જમીન કૌભાંડમાં અટકાયત કરવાની તૈયારી

મુંબઈ,તા.૩૧

શિવસેનાના નેતા અને રાજયસભાના સાંસદ સંજય રાઉતના નિવાસથાને ઈડીની ટીમ સવારે ૭.૩૦ વાગ્યે પહોંચી હતી અને દરોડા પાડયા હતાં ઈડીની ટીમે દાદરમાં આવેલો રાઉતનો ફ્લેટ સીલ કરી દીધો છે. આ ફ્લેટ રાઉતે ૮૩ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. આ ફ્લેટ ખરીદવા માટે રાઉતની પત્ની વર્ષા રાઉતના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ઈડીની ટીમ શિવસેના સાંસદ સંજય રાઉતના ઘરે પહોંચીને કાર્યવાહી કરી છે. ઈડીની ટીમમાં ૧૦ જેટલા અધિકારીઓ હતાં અને મહારાષ્ટ્રમાં ૧૦૩૪ કરોડના પાત્રા ચાલી જમીન કૌભાંડ કેસમાં સંજય રાઉતની ચાર કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરી રહી છે. ઈડીએ રાઉત પાસેથી દસ્તાવેજો માંગ્યા હતાં પાંચ કલાક સુધી ઈડીના અધિકારીઓએ દસ્તાવેજોની તપાસ કરી હતી કહેવાય છે કે ગમે ત્યારે ઈડી સંજય રાઉતની અટકાયત કરી શકે છે. રાઉતને ઈડી દ્વારા ૨૭ જુલાઈએ બોલાવવામાં આવ્યા હતા. પણ સંજય રાઉતને કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીએ તલબ કર્યા હતા. રાઉતે પોતાના વકીલોના માધ્યમથી જાણ કરી હતી કે તે સંસદ સત્રના કારણે ૭ ઓગસ્ટ પછી ઈડી સામે હાજર રહી શકે છે. પરંતુ તેઓ અધિકારીઓ સમક્ષ હાજર થયા ન હતા. આ પછી ઈડીના અધિકારીઓ



તેના ઘરે પહોંચી ગયા હતા. સંજય રાઉત અને તેમના ધારાસભ્ય ભાઈ સુનીલ રાઉત બંને હાલમાં તેમના ભાંડુપના મૈત્રી બંગલા ખાતે હાજર હતાં ત્યારે જ ઈડીની ટીમ પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી ઈડીની કાર્યવાહીની માહિતી મળતાં જ શિવસેનાના કાર્યકરો સંજય રાઉતના ઘરની બહાર એકઠા થવા લાગ્યા હતા. કાર્યકરોએ કેન્દ્ર સરકાર અને ભાજપ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. શિવસેનાના કાર્યકરોનો આરોપ છે કે ઈડીની કાર્યવાહી કેન્દ્ર સરકારના ઈશારે કરવામાં આવી છે.

ઈડીની આ કાર્યવાહીને લઈને સંજય રાઉતે ટ્વિટ કર્યું કે મહારાષ્ટ્ર અને શિવસેના લડતા રહેશે. ખોટી કાર્યવાહી, ખોટી સાબિતી..હું મરી જઈશ પણ શિવસેના છોડીશ નહીં. હું આત્મસમર્પણ કરીશ નહીં. મારું કોઈ કૌભાંડ સાથે લેવા દેવા નથી.આ હું શિવસેના પ્રમુખ બાલાસાહેબ ઠાકરેના શપથ લઈને કહી રહ્યો છું. બાલાસાહેબે અમને લડતા શિખવાડ્યું છે. હું શિવસેના માટે લડાઈ ચાલુ રાખીશ. તેના એક દિવસ પહેલાં સંજય રાઉતે જણાવ્યું હતું કે પોતાની ધરપકડને લઈને અંદેશો વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે મારી ધરપકડ પણ થાય છે તો પાર્ટી તૂટશે નહી. તેમણે કહ્યું હતું કે કેટલાક લોકો ભ્રમમાં જીવી રહ્યા છે અને પાર્ટી તોડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.સંજય રાઉતના નિવાસસ્થાને શિવસેનાના કાર્યકરોએ હંગામો કર્યો હતો અને સુત્રોચ્ચાર કર્યો હતો જો કે સંજય રાઉતના પડોસીઓએ પોલીસમાં ફરિયાદ કરી હતી કે કાર્યકરો હંગામો કરી રહ્યાં છે આથી તેમને અટકાવવામાં આવે.ઈડી સંજય રાઉતને કાર્યાલય ખાતે બોલાવી તેમની પુછપરછ કરી તેમની અટકાયત કરે તેવી સંભાવના હાલ જોવા મળી રહી છે.

આ મામલો મુંબઈના ગોરેગાંવ વિસ્તારના પાત્રા ચાલી સાથે સંબંધિત છે. તે મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીનો પ્લોટ છે. લગભગ ૧૦૩૪ કરોડનું કૌભાંડ હોવાનો આરોપ છે. આ કેસમાં સંજય રાઉતની ૯ કરોડ રૂપિયા અને રાઉતની પત્ની વર્ષાની ૨ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. આરોપ છે કે રિયલ એસ્ટેટ બિઝનેસમેન પ્રવીણ રાઉતે પાત્રા ચાલીમાં રહેતા લોકો સાથે છેતરપિંડી કરી હતી. એક કન્સ્ટ્રક્શન કંપનીને આ પ્લોટ પર ૩૦૦૦ ફ્લેટ બાંધવાનું કામ મળ્યું હતુ. જેમાંથી ૬૭૨ ફ્લેટ અહીં પહેલાથી રહેતા રહેવાસીઓને આપવાના હતા. બાકીની રકમ એમએચએડીએ અને કંપનીને આપવાની હતી, પરંતુ વર્ષ ૨૦૧૧માં આ વિશાળ પ્લોટના કેટલોક ભાગ અન્ય બિલ્ડરોને વેચી દેવામાં આવ્યો હતો. ૨૦૨૦માં મહારાષ્ટ્રમાં સામે આવેલા પીએમસી બેંક કૌભાંડની તપાસ કરવામાં આવી રહી હતી, ત્યારે પ્રવીણ રાઉતની કન્સ્ટ્રક્શન કંપનીનું નામ સામે આવ્યું હતુ. ત્યારે ખબર પડી કે બિલ્ડરની પત્નીના બેંક ખાતામાંથી સંજય રાઉતની પત્ની વર્ષા રાઉતને ૫૫ લાખ રૂપિયાની લોન આપવામાં આવી હતી. આરોપ છે કે આ પૈસાથી સંજય રાઉતે દાદરમાં ફ્લેટ ખરીદ્યો હતો. પ્રવીણ રાઉત ગુરુ આશિષ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડના પૂર્વ ડિરેક્ટર છે.ઈડીની કાર્યવાહીથી ભાજપ અને શિવસેના વચ્ચે આરોપ પ્રત્યારોપની રાજનીતિ પણ શરૂ થઈ ગઈ છે.ભાજપ સાંસદે કહ્યું હતું કે જેવી કરની તેવી ભરની.

# આઝાદીનો અમૃત ઉત્સવ એક જન આંદોલનનું સ્વરૂપ લઈ રહ્યો છે, ઇમરજન્સીને યાદ કરી

### આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન ઘરે ત્રિરંગો ફરકાવવાની અપીલ

નવીદિલ્હી,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ની ૯૧મી આવૃત્તિને સંબોધિત કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ વખતે 'મન કી બાત' ખૂબ જ ખાસ છે. તેનું કારણ આ વખતે સ્વતંત્રતા દિવસ છે. જયારે ભારત તેની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરશે. આપણે બધા એક ખૂબ જ અદ્ભુત અને ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા જઈ રહ્યા છીએ. ભગવાને આપણને આ મહાન સૌભાગ્ય આપ્યું છે.

પીએમએ કહ્યું કે ૩૧મી જુલાઈ એટલે કે આ દિવસે આપણે બધા દેશવાસીઓ શહીદ ઉધમની શહાદતને નમન કરીએ છીએ. હું અન્ય તમામ મહાન ક્રાંતિકારીઓને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું જેમણે દેશ માટે પોતાનું જીવન બલિદાન આપ્યું. આઝાદીનો અમૃત



પર્વ જનઆંદોલનનું સ્વરૂપ લઈ રહ્યો છે. થોડા અઠવાડિયા પહેલા કર્ણાટકમાં અમૃતા ભારતી કન્નડર્થી નામનું અનોખું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યમાં ૭૫ સ્થળોએ સ્વાતંત્ર્ય અમૃત પર્વને લગતા ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેણે કર્ણાટકના મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરવાનો તેમજ સ્થાનિક સાહિત્યિક સિદ્ધિઓને આગળ લાવવાનો પ્રયાસ કર્યો.

થોડા અઠવાડિયા પહેલા કર્ણાટકમાં અમૃતા ભારતી કન્નડર્થી નામનું અનોખું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યમાં ૭૫ સ્થળોએ સ્વાતંત્ર્ય અમૃત પર્વને લગતા ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેણે કર્ણાટકના મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરવાનો તેમજ સ્થાનિક સાહિત્યિક સિદ્ધિઓને આગળ લાવવાનો પ્રયાસ કર્યો. મેઘાલયના બહાદુર યોદ્ધા યુ. તિરોત સિંહની પુણ્યતિથિ પર લોકોએ તેમને યાદ કર્યા. તિરોતે ખાસી પહાડીઓને અંકુશમાં લેવા અને ત્યાંની સંસ્કૃતિ પર હુમલો કરવાના અંગ્રેજોના કાવતરાનો વિરોધ કર્યો હતો.

તમે લખનઉ પાસેના કાકોરી રેલવે સ્ટેશનનું નામ તો સાંભળ્યું જ હશે. રામ પ્રસાદ બિસ્મિલ અને અશફાક ઉલ્લાહ ખાન જેવા બહાદુરોનું નામ આ સ્ટેશન સાથે જોડાયેલું છે. બહાદુર ક્રાંતિકારીઓએ અહીં ટ્રેનમાં જઈને અંગ્રેજોની તિજોરી લૂંટીને અંગ્રેજોને પોતાની શક્તિ બતાવી હતી.

જુલાઈમાં આઝાદી કી ટ્રેન અને રેલવે સ્ટેશન નામનો એક ખૂબ જ રસપ્રદ પ્રયાસ થયો છે. આ પ્રયાસનો ધ્યેય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભારતીય રેલ્વેની ભૂમિકા વિશે લોકોને જાગૃત કરવાનો છે. દેશમાં આવા ઘણા રેલવે સ્ટેશન છે, જે સ્વતંત્રતા ચળવળના ઈતિહાસ સાથે જોડાયેલા છે. ઝારખંડનું ગોમો જંક્શન હવે સત્તાવાર રીતે નેતાજી સુભાષ ચંદ્ર બોઝ જંક્શન ગોમો તરીકે ઓળખાય છે. નેતાજી સુભાષ આ સ્ટેશન પર કાલકા મેઈલમાં બેસીને બ્રિટિશ અધિકારીઓને છટકવામાં સફળ રહ્યા હતા.

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' નામનું અભિયાન ચલાવવામાં આવશે. આ ઝુંબેશનો એક ભાગ બનીને તમારે તમારા ઘરે ત્રિરંગો ફરકાવવો જોઈએ અથવા તમારા ઘરે લગાવવો જોઈએ. ત્રિરંગો આપણને એક કરે છે, દેશ માટે કંઈક કરવાની પ્રેરણા આપે છે.

કોરોના સામેની લડાઈ ચાલુ છે. ભારતીય પરંપરાગત પદ્ધતિઓ આમાં ઉપયોગી છે. સમગ્ર વિશ્વમાં આયુર્વેદ અને ભારતીય ચિકિત્સા પ્રત્યે રસ વધી રહ્યો છે. દવાઓની નિકાસમાં રેકોર્ડ વધારો થયો છે. કોરોના સમયગાળા દરમિયાન ઔષધીય વનસ્પતિઓ પર સંશોધન વધ્યું છે.

# નરેન્દ્ર મોદી કેબિનેટમાં ફેરબદલ થઈ શકે છે, ભાજપ અને શિંદે જૂથને સ્થાન મળી શકે છે

નવીદિલ્હી,તા.૩૧

ભાજપ નેતૃત્વ દ્વારા મિશન ૨૦૨૪ની વ્યૂહરચના હેઠળ સંગઠનાત્મક સ્તરે કરવામાં આવી રહેલા તમામ ફેરફારો વચ્ચે કેન્દ્રીય મંત્રી પરિષદમાં પણ ફેરબદલ અને વિસ્તરણનો માહોલ છે. સંસદના ચોમાસુ સત્ર બાદ આ કરવામાં આવે તેવી શક્યતા છે. જેડીયુ અને શિવસેનાના બળવાખોર જૂથને વિસ્તરણમાં સ્થાન મળી શકે છે. સરકારમાં સાથી પક્ષોમાંથી થોડા જ કેબિનેટ મંત્રીઓ છે, જો ફેરબદલ થાય તો તેની સંખ્યા વધી શકે છે.

તાજેતરમાં, જેડીયુના આરસીપી સિંહ અને ભાજપના મુખ્તાર અબ્બાસ નકવીએ રાજ્યસભાનો કાર્યકાળ પૂર્ણ થવાને કારણે અને ફરીથી ચૂંટણી માટે ન આવવાને કારણે રાજીનામું આપ્યું હતું.

આ બંને જગ્યાઓ હાલમાં ખાલી છે. તેમાંથી સ્ટીલ મંત્રાલય જ્યોતિરાદિત્ય સિંધિયાને અને લઘુમતી બાબતોનું મંત્રાલય સ્મૃતિ ઈરાનીને આપવામાં આવ્યું છે.



દરમિયાન, બળવાખોર શિવસેના જૂથ ભાજપ સાથે જોડાણ કરીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવ્યા પછી તેને કેન્દ્રમાં બેઠક આપવામાં આવે તેવી પણ શક્યતા છે. આ સાથે ઉદ્ધવ ઠાકરેને વધુ એક ફટકો પડવાથી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનું જૂથ અસલી શિવસેનાના દાવાને વધુ મજબૂત કરશે.

હાલમાં કેન્દ્રીય કેબિનેટમાં વડાપ્રધાન સહિત ૨૯ કેબિનેટ મંત્રીઓ છે. રાજ્યના ૪૭ મંત્રીઓ છે જેમાં બે રાજ્ય મંત્રીઓ સ્વતંત્ર હવાલો ધરાવે છે. રાજ્ય મંત્રીઓમાં સ્વતંત્ર પ્રભાર ધરાવતા બે રાજ્ય મંત્રી જીતેન્દ્ર સિંહ અને રાવ ઈન્દ્રજીત સિંહનો સમાવેશ થાય છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર મંત્રી પરિષદમાં નાનો ફેરબદલ થઈ શકે છે, જેમાં વધુમાં વધુ એક ડઝન મંત્રીઓ સામેલ થશે અથવા અસરગ્રસ્ત થશે. નોંધનીય છે કે કેન્દ્રીય મંત્રીઓમાં હાલમાં પાંચ મંત્રીઓ પાસે ત્રણ મંત્રાલય છે. જેમાં પીયૂષ ગોયલ, પ્રહલાદ જોશી, સર્બાનંદ સોનોવાલ, અશ્વિની વૈષ્ણવ અને જી કિશન રેડ્ડીનો સમાવેશ થાય છે.

# પીએફઆઇના 3 લાખ ફેમિલી ખાતામાં વિદેશથી ૫૦૦ કરોડ આવે છે

જયપુર,તા.૩૧

ઉદયપુર અને અમરાવતી હત્યાકાંડના ૩ આરોપીઓ અને ફૂલવારી શરીફ મોડ્યુલમાં ધરપકડ કરાયેલા લોકોમાંથી મોટા ભાગના પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) સાથે જોડાયેલા છે. એનઆઈએનાં સૂત્રો અનુસાર પીએફઆઈને દર વર્ષે સાઉદી અરબ, કતાર, કુવૈત, યુએઈ અને બહેરીનથી ૫૦૦ કરોડ રૂપિયા મળે છે. તેને ફેમિલ મેન્ટેનન્સના નામ પર અલગ અલગ ખાતાંમાં વેસ્ટર્ન યુનિયનથી મોકલાય છે.આ માટે પીએફઆઈ સભ્યોના ૧ લાખ અને તેમનાં સગાંઓ તેમજ પરિચિતોનાં ૨ લાખ ખાતાંનો ઉપયોગ કરાય છે. દર મહિને અલગ ખાતામાં રકમ આવે છે. એનઆઈએનું એન્ટિ ટેરર ફન્ડિંગ સેલ આટલી માતબર રકમ ક્યાં ખર્ચ થાય છે તે અંગે તપાસ કરી રહી છે. એક અધિકારી અનુસાર, પીએફઆઈ સિમી જેવી ભૂલ દોહરાવી રહ્યું નથી. સિમી પર ૨૦૦૧માં પ્રતિબંધ મુકાયો હતો. અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે પીએફઆઈ એવાં અનેક સંગઠનોને પૈસા આપી રહ્યું છે જે યુવાઓનું બ્રેનવોશ કરીને તેઓને કટ્ટરતા શીખવે છે. તેમાં પાકિસ્તાન ઉપરાંત ગલ્ફ દેશોથી જોડાયેલાં અનેક સંગઠનો સામેલ છે.

પીએફઆઈ આવી ઘટનાઓ અને સરકારી નીતિઓ વિરુદ્ધ આંદોલન પર પણ ખૂબ ખર્ચ કરે છે, જે કથિત રીતે મુસ્લિમ વિરોધી હોય છે. જેલમાં બંધ લોકોને કાનૂની મદદ કરાય છે. જો તપાસમાં પીએફઆઈ વિદેશથી આવતાં ફંડનો ઉપયોગ આતંકી ગતિવિધિઓ પાછળ કરે છે તે સામે આવશે તો તેના પર પ્રતિબંધ નક્કી છે. પીએફઆઈ સાથે જોડાયેલા અનેક લોકોના નામ આતંકી ઘટનામાં સામે આવ્યાં છે. અનેક રાજ્યોની ગુપ્તચર સંસ્થાઓ પીએફઆઈની ગતિવિધિને શંકાસ્પદ ગણાવે છે. ઝારખંડે તેના પર પ્રતિબંધ મૂક્યો છે, જોકે હાઈકોર્ટે હટાવ્યો છે.આ વચ્ચે એનઆઈએએ મહારાષ્ટ્ર, યુપી, તેલંગાણા, ઝારખંડ, તમિલનાડુ, કેરળ, મધ્યપ્રદેશ, પ.બંગાળ, ગુજરાત અને રાજસ્થાનમાં આતંકી સંગઠનો સાથે જોડાયેલા ૨૫ શકમંદોને કસ્ટડીમાં લીધા છે. આઈબી અને રાજ્યની ઈન્ટેલિજન્સ ટીમ પાસેથી મળેલા ઈનપુટ બાદ આ કાર્યવાહી કરાઈ છે. સૂત્રોનુસાર આગામી દિવસોમાં આ પ્રકારની વધુ કાર્યવાહી થશે.

# ૫૦૦૦ ટન ઘઉં અને ૧૦ હજાર ટન ખાંડની નિકાસની જાહેરાત કરી,ભૂટાનને અનેક રાહત

નવીદિલ્હી,

ભારતે ભૂટાનમાં ૫૦૦૦ મેટ્રિક ટન ઘઉં અને ૧૦,૦૦૦ મેટ્રિક ટન ખાંડની નિકાસ કરવાની જાહેરાત કરી છે. થિમ્પુ સ્થિત ભારતીય દૂતાવાસે એક નિવેદન જારી કરીને આ જાણકારી આપી છે. અગાઉ ભારતે તેની ખાદ્ય સુરક્ષાને મજબૂત કરવા ઘઉં અને ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. તમને જણાવી દઈએ કે ભૂટાને આ માટે ભારત સરકારને વિનંતી કરી હતી. આ પછી ભારત સરકાર આ માટે સંમત થઈ અને ઘઉં અને ખાંડ મોકલવાનો નિર્ણય કર્યો. તાજેતરમાં, ખાદ્ય સંકટને ધ્યાનમાં રાખીને, ભારતે આ બંને વસ્તુઓની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, પ્રતિબંધ પછી પણ, અનાજ સંકટને ધ્યાનમાં રાખીને, ભારત ઘણા દેશોમાં ઘઉંની નિકાસ કરે છે.

તમને જણાવી દઈએ કે ભારત અને ભૂટાન વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો છે. ભૂટાન સરકારની વિનંતીને સ્વીકારીને ભારતે આ જાહેરાત કરી છે. આ પહેલા પણ ભારત સરકારે ભૂટાન માટે ઘણી રાહતો આપી હતી.

ભૂતાન ખોરાકની બાબતમાં સંપૂર્ણપણે ભારત પર નિર્ભર છે. ગયા વર્ષે ભૂટાને ભારત પાસેથી ૩૦.૩૫ મિલિયન ડોલરનું અનાજ ખરીદ્યું હતું. ભૂટાન ખાસ કરીને ભારત પાસેથી ઘઉં, ચોખા અને ખાંડ ખરીદે છે. કોરોના મહામારી બાદ ભૂટાનની અર્થવ્યવસ્થાને મોટો આંચકો લાગ્યો હતો. તેમને ભારતમાંથી અનાજની નિકાસની અપેક્ષા હતી.

ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યા પછી પણ ભારતે બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન સહિત લગભગ એક ડઝન દેશોમાં ૧.૮ મિલિયન ટન અનાજની નિકાસ કરી છે.

કેન્દ્રીય ખાદ્ય સચિવ સુધાંશુ પાંડેએ ગયા મહિને આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ૫૦,૦૦૦ ટન નિકાસ કરવાની પ્રતિબદ્ધતા હેઠળ, માનવતાવાદી સહાય તરીકે અફઘાનિસ્તાનને લગભગ ૩૩,૦૦૦ ટન ઘઉંની સપ્લાય કરવામાં આવી છે. તેમણે કહ્યું કે નિયમન બાદ ચાલુ નાણાકીય વર્ષમાં ૨૨ જૂન સુધી ૧૮ લાખ ટન ઘઉંની નિકાસ અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, ઈઝરાયેલ, ઈન્ડોનેશિયા, મલેશિયા, નેપાળ, ઓમાન, ફિલિપાઈન્સ, કતાર, દક્ષિણ કોરિયા, શ્રીલંકા, સુદાન, સ્વિત્ઝર્લેન્ડ, થાઈલેન્ડ, યુએઈ, વિયેતનામ અને યમન સહિતના વિવિધ દેશોમાં હાથ ધરવામાં આવ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# હું કોણ છું? તમે કોણ છો? : તાત્વિક સવાલોના બિનતાત્વિક જવાબો

*ફકીરીસ્તાન દેશના મહારાજા વીરચક્રગજનું કામકાજ એવું જ હતું! તે ગમે ત્યારે ગમે તે ફરમાન બહાર પાડી દેતા. એકવાર કહે, પોતાના નામની આગળ અને હોદ્દાની પાછળ 'શ્રી' લગાડવાનો અધિકાર હું મારા માટે અબાધિત રાખું છું. આવતીકાલથી મારા સિવાયના કોઈએ પોતાના નામની આગળ અને હોદ્દાની પાછળ 'શ્રી' લખાવવું નહીં. હા, એનાથી ઉલટું કરી શકાશે. નામની પાછળ અને હોદ્દાની આગળ 'શ્રી' લગાડી શકાશે. જોકે મહારાજા સાવ ચસકેલ નહોતા. તેમણે ભગવાનના નામ પૂર્વે 'શ્રી' લગાડવા પર પાબંદી નહોતી લગાડી.*

*આ ફરમાન બહાર પડયા બાદ કાર્યક્રમના સંચાલકો ભારે તકલીફ અનુભવવા લાગ્યા. હવે હું સમારંભ મુખ્ય મહેમાનશ્રી ને વિનંતી કરીશ કે વેપારી મહાજનના પ્રમુખ એવા શ્રી રશ્મિકાંત કાપડિયાનું શાલ ઓઢાડીને સન્માન કરે.- પ્રકારનાં સદીઓથી ચાલ્યા આવતા વાક્યને બદલે હવે હું શ્રી મુખ્ય મહેમાનને વિનંતી કરીશ કે વેપારી મહાજનના પ્રમુખ એવા રશ્મિકાંત કાપડિયા શ્રીનું શાલ ઓઢાડીને સન્માન કરે.-પ્રકારનાં વાક્યો બોલવામાં જીભને ખાસ્સું કષ્ટ પડવા લાગ્યું.*

*ઈસવીસન ૨૦૦૦ની સાલ પતવાના બે મહિના પહેલાં મહારાજા તરફથી ફરમાન આવ્યું. ૨૦૦૧થી શરૂ થતી નવી સહસ્ત્રાબ્દિમાં આપણે 'ઈસવીસન' શબ્દને બદલે 'વીરચક્રગજસન' શબ્દનો ઈસ્તેમાલ કરીશું. આથી દરેક પ્રજાજને વીરચક્રગજસન ૨૦૦૧ (ટુંકાણમાં, વીચગસન ૨૦૦૧)ના સ્વાગતની તૈયારીમાં પૂરજોશથી લાગી જવા જણાવવામાં આવે છે.*

*મહારાજશ્રી પાછા કવિ જીવ ખરા! તેઓ મહારાજા બન્યા ન હતા ત્યારે કવિતાઓ લખતા હતા. ને મહારાજા બન્યા પછી તો જે કાંઈ લખે તેને કવિતાનો દરજ્જો પ્રાપ્ત થવા લાગ્યો. એકવાર કોઈક પોએટીક ઘડીએ તેમને ટેલિવિઝન પર પ્રગટ થઈને એલાન કર્યું: આપણા મહાન દેશ ફકીરીસ્તાને કંઈ કેટલાય મહાન કવિઓ પેદા કર્યા છે. ગામેગામ નગરેનગરે કવિઓના કવિતાકર્મના કુટિર ઉદ્યોગ ચાલે છે. ને એમાંય ફેસબુક અને અખબારોની મંગળવારની મહિલા પૂર્તિઓના આગમન બાદ તો કવિઓની આબાદીમાં (હળવા સ્મિત સાથે) મયજનક, આઈ રીપીટ, મયજનક વધારો નોંધાયો છે. હાથમાં ગન ઉઠાવીને આતંકવાદી બનવા કરતાં બહેતર છે હાથમાં પેન ઉઠાવીને કવિ બનવું. (ફરી એકવાર સ્મિત સાથે)એ જુદી વાત છે કે બંને છેવટે તો આતંક જ ફેલાવે છે.*

*જોક અપાર્ટ; હવે હું સીધો ફરમાન પર આવી જાઉં. આજથી ફરમાન કરવામાં આવે છે કે દેશના દરેક કવિઓએ મારા વિશે ઓછામાં ઓછી એક કવિતા રચવાની રહેશે. જાહેર કવિસંમેલન અને મુશાયરાઓમાં ભાગ લેતા દરેક કવિએ પોતાના પઠનની શરૂઆત તેણે મારા અંગે લખેલી કવિતાથી કરવાની રહેશે. કવિસંમેલન/ મુશાયરામાં કવિતા રજુ કરવા આવેલા છેલ્લા કવિ દ્વારા રજૂ થતી છેલ્લી રચના મારા કવિતા સંગ્રહની જ હોય તેવો મારો આગ્રહ છે.*

# માયાથી તરવાનો ઉપાય

તમામ દ્રશ્યમાન સૃષ્ટિ માયા છે જે પરીવર્તનશીલ છે,સમાપ્ત થનાર છે.આ પાંચ ભૌતિક સૃષ્ટિના સમાપ્ત થતાં પણ જેનો નાશ થતો નથી તે નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્મા છે.ઉપર જે સૂર્ય,ચંદ્રમા અને તારાઓ દેખાય છે તેની ચમક-દમક અને તે પોતે નાશવાન છે.નીચે ત્રણ તત્વઃપૃથ્વી,પાણી અને અગ્નિ કે જેનો ખુબ મોટો વિસ્તાર છે અને તેનાથી તમામ સંસારની રચના થઇ છે તે પણ નાશવાન છે.આ નવ વસ્તુઓ દ્રશ્યમાન છે જેને માયા કહેવામાં આવે છે.દશમો બ્રહ્મ તેનાથી ન્યારો અને તેમની વચ્ચે સમાયેલ છે.માયા તો ક્ષણભંગુર હોવાથી નાશવાન છે પરંતુ આ અવિનાશી તત્વ બ્રહ્મ જ સર્વ કંઇ છે.તેને મહાત્માઓ નિર્ગુણ નિરાકાર બ્રહ્મ કહે છે.પરમપિતા પરમાત્મા પ્રાણીમાત્રના આત્મા છે,તેમને જ આ પંચમહાભૂતો(પૃથ્વી પાણી અગ્નિ વાયુ આકાશ)થી નાના મોટા બધા પ્રકારના પ્રાણીઓનું સર્જન કર્યુ છે તથા પોતે જ પોતાના જીવોને વિષય ભોગ પ્રદાન કરવા માટે અનેક પ્રકારના પદાર્થો પ્રસ્તુત કર્યા છે તથા પોતાના આત્મ સ્વરૂપના જ્ઞાનના વિસ્તાર માટે તે સ્વયં અનેક રૂપોમાં થઇ ગયા છે.આ પ્રમાણે સંપૂર્ણ સૃષ્ટિ એકમાત્ર પરમાત્માનું જ સ્વરૂપ છે.આ પ્રમાણે પરમાત્માએ બધા પ્રાણીઓનું નિર્માણ કર્યુ છે અને પંચમહાભૂતોથી નિર્મિત તે શરીરોમાં અંતર્યામીરૂપે સ્વયં પ્રવિષ્ઠ થઇ ગયા.પાંચ જ્ઞાનેન્દ્રિયો,પાંચ કર્મેન્દ્રિયો અને મન દ્વારા પોતાને વિભક્ત કરીને તે પોતે જ તે ગુણોનો ઉપભોગ કરે છે પરંતુ તેઓ તે ગુણોમાં આસક્ત થતા નથી,તેમના દ્વારા જ પ્રકાશિત આ ગુણો જ ગુણોમાં વરતી રહ્યા છે પરંતુ જે જીવ તેમના દ્વારા નિર્માણ કરેલા વિશ્વ પ્રપંચમાં આત્મિબુધ્ધિ કરીને આ બધુ ×હું જ છું×, ×આ મારૂં છે× આ પ્રકારનો સબંધ જોડીને પોતાને કર્તા ભોક્તા માને છે ત્યારે તે બંધનમાં પડે છે આ જ માયા છે.આ પ્રમાણે આ દેહાભિમાની મનુષ્ય કર્મેન્દ્રિયોથી સકામભાવે કર્મ કરતો રહીને તે તે કર્મો પ્રમાણે ફળનો ઉપભોગ કરતો રહીને સુખ દુઃખમાં ફસાઇને જન્મ મરણના ચક્કરમાં ભટકતો રહે છે તે મુક્ત થઇ શકતો નથી.આ પ્રમાણે આ જીવ અહંભાવ કરવાના કારણે કેટલીય અશુભ યોનિઓને પ્રાપ્ત થતો રહે છે.મહાભૂતોના પ્રલય સુધી જન્મ પછી મૃત્યુ અને મૃત્યુ પછી જન્મ.. આ પ્રમાણે પરવશ થઇને જન્મ-મરણના ચક્કરમાં સતત ભટકતો રહે છે.આ બધી ભગવાનની માયા છે. ભગવાન જ ત્રિગુણમયી માયા દ્વારા આ સૃષ્ટિની ઉત્પત્તિ,સ્થિતિ અને સંહાર કરતા રહે છે.

જેમને પોતાના મનને વશમાં કર્યુ નથી તેમના માટે ભગવાનની માયા પાર કરવી બહુ કઠિન છે. મનુષ્યો કામનાઓથી બંધાઇને એવું વિચારીને કર્મો કરે છે કે એનાથી અમારાં દુઃખો દૂર થશે અને અમે સુખી થઇ જઇશું પરંતુ પરિણામ વિપરીત આવે છે.જે સકામ કર્મોમાં ફસાયેલા છે તેમનાં તે કર્મોના વિપરીત પરિણામને જોઇને વિચાર કુશળ મનુષ્યો તે સકામ કર્મોથી નિવૃત થઇ જવું જોઇએ.

ધન હંમેશાં પીડાદાયી છે,અનેક દુઃખોથી જોડાયેલું છે તેને પ્રાપ્ત કરવામાં મુશ્કેલી છે અને મળી જાય તો કયારેક પોતાના મૃત્યુનું કારણ પણ બની જાય છે.આજ પ્રમાણે ઘર પૂત્ર સબંધીઓ પશુ ધન વગેરે પણ અનિત્ય અને નાશવાન છે.આવા નાશવાન પદાર્થોથી શાશ્વત શાંતિ મળી શકતી નથી.

તમામ સકામકર્મના સંપાદન દ્વારા પ્રાપ્ત થયેલું સ્વર્ગ..વગેરે પણ અનિત્ય અને નાશવાન છે એવું નક્કી જાણવું કેમકે ત્યાં પણ પરસ્પર સ્પર્ધાની ભાવના અને ઈર્ષા-દ્રેષનો ભાવ રહે છે જેમકે અહીના રાજાઓ પર અન્ય રાજાઓ પ્રત્યે હરીફાઇ કરવાની ધૂન સવાર થઇ જાય છે.તેથી આ પ્રકારના રાગ-દ્રેષના વાતાવરણમાં સુખ શાંતિ મળતી નથી,તેથી સર્વોત્તમ કલ્યાણની પ્રાપ્તિ માટે જિજ્ઞાસુઓએ એવા ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂનું શરણ લેવું જઇએ કે જે શબ્દ બ્રહ્મ અને પરબ્રહ્મમાં નિષ્ણાત હોય તથા પરબ્રહ્મ પરમાત્મામાં જેને શાંતિનો આશ્રય લીધો હોય.આવા સદગુરૂને પોતાના આત્મા અને ઈષ્ટદેવ જ માનવા જોઇએ.તેમની પાસે રહીને ભાગવત ધર્મોનો ઉપદેશ ગ્રહણ કરવો.પોતાની પ્રત્યેક ક્રિયાઓ દ્વારા તેમની નિષ્કામભાવે અને અચળ બુધ્ધિ દ્વારા સેવા કરવી,આમ કરવાથી ભગવાન બહુ જ જલ્દી પ્રસન્ન થાય છે.

પ્રથમ શરીર સંતાન વગેરેમાંથી મનની અનાસક્તિ શીખવી,પરમાત્માના ભક્તોની સાથે પ્રેમ કરતાં શીખવું જોઇએ ત્યારબાદ યથાયોગ્ય દયા-મૈત્રી અને સમાનભાવવાળાઓ સાથે મિત્રતા અને વડીલો પ્રત્યે વિનમ્રતા રાખતા શીખવું.

માટી જળ વગેરેથી બ્રાહ્ય શરીરની પવિત્રાતા છળ કપટ વગેરેના ત્યાગથી અંદરની પવિત્રતા, પોતાના ધર્મનું અનુષ્ઠાન સહનશક્તિ મૌન સ્વાધ્યાય સરળતા બ્રહ્મચર્ય અહિંસા કોઇના પ્રત્યે દ્રોહ ના કરવો તથા શિત-ઉષ્ણ સુખ-દુઃખ વગેરે દ્રંન્દ્રોમાં હર્ષ-વિષાદથી રહિત થવાનું શિખવું.

એક જ આત્મા સર્વત્ર વ્યાપ્ત છે આવા ભાવથી આત્માની સત્તાને સર્વત્ર જોવી.એકાંત અને પવિત્ર સ્થાનમાં રહેવું,ઘરમાં મમતા ન રાખવી,પવિત્ર અને સાદાં સરળ વસ્ત્રો પહેરવાં,જે કંઇ પ્રારબ્ધ અનુસાર મળી જાય તેમાં સંતોષ રાખતાં શીખવું.ભગવત્પ્રાપ્તિનો માર્ગ દેખાડનારાં શાસ?ત્રોમાં શ્રધ્ધા,કોઇપણ અન્ય શાસ્ત્રની નિંદા ન કરવી,મન,વાણી અને શરીરનો સંયમ રાખવો,સત્ય બોલવું,પ્રાણાયામના દ્વારા મનનો, મૌન દ્વારા વાણીનો અને વાસનાહિનતાના અભ્યાસ દ્વારા કર્મોનો સંયમ કરવો,સત્ય બોલવું,ઇન્દ્રિયોને પોતપોતાના ગોલકોમાં સ્થિ?ર રાખવાનું અને મનને કયાંય બહાર ન જવા દેવાનું શીખવું.

ભગવાનની લીલાઓ અદભૂત છે તેમનો જન્મ કર્મ અને ગુણ દિવ્ય છે તેનું શ્રવણ કિર્તન અને ધ્યાન કરવાનું તથા શરીરથી જેટલી પણ ચેષ્ટાઓ થાય તે તમામ ભગવાનના માટે જ કરવાનું શીખીએ. જે ભૌતિક માયા સાથે નહી પરંતુ પ્રભુને પ્રેમ કરે છે તે જ સાચા સંત છે,તે જેવું કરે છે તેવો જ ઉપદેશ અન્યને આપે છે.તમામને ભ્રમિત કરવાવાળી માયા ભક્તોને ભ્રમિત કે લિપ્ત કરી શકતી નથી.સંતોનાં વચન માયાસક્ત લોકોની જેમ આચરણહીન હોતાં નથી.સંત પણ માયામાં જ રહે છે.તેમનું ખાવું-પીવું અને પોષણ પણ માયાથી જ થાય છે પરંતુ તે માયા સાથે નહી પરંતુ માયાપતિ પ્રભુ સાથે પ્રેમ કરે છે.માયાનો અંધકાર બ્રહ્મજ્ઞાનના પ્રકાશને પ્રભાવિત કરી શકતો નથી.

ભગવાનની માયા (સંસાર)માં મમતા કરીને જીવો ફસાય છે અને જન્મ મરણના ચક્કરમાં ફસાઇ જાય છે પરંતુ જે જીવો માયાપતિ પરમાત્માને જાણીને માનીને તેમના શરણમાં આવી જાય છે તેઓ માયાને તરી જાય છે.ભગવાન ગીતામાં કહે છે કેઃ મારી આ ગુણમયી માયાને તરવી ઘણી મુશ્કેલ છે પરંતુ જે મારે શરણે આવે છે તે વિના પ્રયાસે આ માયાને તરી જાય છે.(ગીતાઃ૭/૧૪) સતત પ્રભુ સુમિરણ અને પ્રભુ શરણમાં રહો તો જ માયા પજવી શકશે નહિ.

વિનોદભાઇ માછી નિરંકારી

નવીવાડી, તા.શહેરા, જી.પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## મહામૂલું ધિરાણ

માનવજીવન કાજે,
વાદળોએ ધરતીને
સંજીવની ધારણ આપવાનો વિધુતિક કડાકાભડાકા સભર
નિર્ણય કર્યો.
મોર અને ચાતક ધરતી પક્ષે,
મઘા અને આશ્લેષા વાદળ પક્ષે ,
સાક્ષી બન્યા.
કુર્યાત સદા મંગલમ્ ન્યાયે,
વાદળોએ થોડો અમી છાંટણા,
બાના પેટે
ડાઉનલોડ પેમેન્ટ તરીકે
મોકલ્યા.
પછી હપ્તામાં
વરસવાની બાંહેધરી આપી.
જો હપ્તાવાર ન આવે તો
મૂરઝાતા મોલનું વરસાદી વળતર આપવાની શરત ઉમેરાઇ.
જો સૂરજ આકરો તપી ઉભો મોલ સૂકવવા કોશિશ કરે ત્યારે,
વાદળોએ / વાયરાએ વીમા છત્ર આપવાનું રહેશે.
મુદલ ચુકવણી અનાજના રૂપમાં,
ને
વ્યાજની ચુકવણી પુષ્પોના રૂપમાં કરવાની રહેશે.
બસ હવે, આ સમજૂતીનો અમલ થાય એની
કાગડોળે, ગીધડોળે, ગરૂડ ડોળે ઇંતેઝાર છે!!
ભરત વૈષ્ણવ

## વનથી

**મને મારો અવાજ ગમતો નથી,**
**તને તારો અવાજ ગમતો નથી.**
**દુનિયા કયાંથી કયાં પહોંચી,**
**રજવાડી તાજ ગમતો નથી.**
**નિરવ શાંતિને ચીરે તેવો ,**
**રાતનો અવાજ ગમતો નથી.**
**કફનમાં સિલાઈ હોતી નથી,**
**મને કફનમાં ગાજ ગમતો નથી.**
**ઘૂમટામાંથી હાથ લાંબા કરી લડે,**
**એવો ઘૂમટો-લાજ ગમતો નથી.**
**ભરત વૈષ્ણવ**
**૧.૮.૨૦૨૧.**

# ઝારખંડ કોંગ્રેસના ધારાસભ્યો પાસેથી ૪૮ લાખ રોકડ મળ્યાઃ પાર્ટીએ ત્રણેયને સસ્પેન્ડ કર્યા

નવીદિલ્હી,તા.૩૧

પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લામાં ઝારખંડ કોંગ્રેસ ૩ ધારાસભ્યો પાસેથી ૪૮ લાખ રોકડ મળતાં સનસની ફેલાઈ છે. કાળા રંગની ફોર્ચ્યુનર કારમાંથી મળી આવેલી રોકડ ગણવા માટે મશીન મંગાવવામાં આવ્યું હતું. પોલીસે ત્રણેયને પૂછપરછ માટે કસ્ટડીમાં લીધા છે. અહીં ઝારખંડ કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા આલમગીર આલમે કહ્યું કે કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

હાવડા સિટી પોલીસના ડીસીપી સાઉથ પ્રતિક્ષા ઝાખરિયાએ જણાવ્યું કે રાજેશ કછાપ, નમન વિક્સેલ કોંગારી અને ઈરફાન અંસારી કારમાં હતા. બાતમીદારો પાસેથી બાતમી મળી હતી કે પંચલા પોલીસ સ્ટેશન વિસ્તારના રાણીહાટીમાં દ્રઊઁ-૧૬માંથી નીકળતી ફોર્ચ્યુનરમાં મોટી માત્રામાં રોકડ છે. અમે નાકાબંધી કરીને કાર રોકી તો માહિતી સાચી નીકળી.

પોલીસે રોકડનો સ્ત્રોત કયો છે તેનો ખુલાસો કર્યો નથી. તે ચોક્કસપણે સામે આવી રહ્યું છે કે રોકડનું કનેક્શન પૂર્વોત્તર રાજ્ય આસામનું છે. તે જ સમયે, પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, થોડા દિવસો પહેલા, ઝારખંડ પ્રદેશ કોંગ્રેસ સમિતિના ભૂતપૂર્વ અધ્યક્ષ આસામના એક મજબૂત બીજેપી નેતાને મળ્યા હતા. આ બેઠક દિલ્હીની એક ફાઈવ સ્ટાર હોટલના બંધ રૂમમાં થઈ હતી. આ બેઠક દરમિયાન કોંગ્રેસ નેતાનો પુત્ર પણ તેમની સાથે હતો. પાર્ટીના સૂત્રોનો દાવો છે કે બેઠક બાદ કોંગ્રેસના નેતાએ મૌન ધારણ કરીને પોતાનું બોર્ડ મૂક્યું હતું. જેમાં મુખ્યત્વે કોંગ્રેસના પાંચ ધારાસભ્યોએ હાજરી આપી હતી. તેમાંથી ત્રણને શનિવારે મોડી રાત્રે કોલકાતા પોલીસે પકડ્યા હતા.

હાવડા પોલીસે જણાવ્યું કે ઈરફાન અંસારી જામતારાથી ધારાસભ્ય છે, જયારે નમન વિક્સલ કોંગડી સિમડેગાના કોલેબીરાના ધારાસભ્ય છે અને રાજેશ કછાપ રાંચી જિલ્લાના ખિજરી વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય છે. કાળા રંગનું ફોર્ચ્યુનર વાહન બોકારોના નઈમ અંસારીના નામે નોંધાયેલું છે.આ અંગે પોલીસે ત્રણ ધારાસભ્યો સહિત કારના ડ્રાઈવર અને એક અન્ય વ્યક્તિની ધરપકડ કરી છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય સંદેશાવ્યવહાર પ્રભારી જયરામ રમેશે આ સમગ્ર મામલો જણાવતા ભાજપનું 'ઓપરેશન લોટસ' ખુલ્લું પડી ગયું છે. જયરામ રમેશે ટ્વીટ કર્યું, "ઝારખંડમાં બીજેપીનું 'ઓપરેશન લોટસ' રાત્રે હાવડામાં ખુલ્લું પડી ગયું. દિલ્હીમાં 'હમ દો'નો ગેમ પ્લાન ઝારખંડમાં કરવાનો છે જે તેઓએ મહારાષ્ટ્રમાં એકનાથ-દેવેન્દ્ર (ઈ-ડી)ની જોડી દ્વારા બનાવ્યો હતો." તે જ સમયે, કોંગ્રેસના ધારાસભ્યોના પૈસા મળ્યા પછી, પાર્ટીએ તેને ભાજપનું ષડયંત્ર ગણાવ્યું. ઝારખંડ કોંગ્રેસના અધ્યક્ષ રાજેશ ઠાકુરે કહ્યું કે આ ષડયંત્ર પાછળ ભાજપનો હાથ છે. તેઓ લાંબા સમયથી બિન-ભાજપ શાસિત રાજ્યમાં સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. તેણે મહારાષ્ટ્ર સરકારને કેવી રીતે અસ્થિર કરી તે જાહેરમાં છે. રોકડની વસૂલાત બાદ ઝારખંડ પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ રાજેશ ઠાકુરે કહ્યું કે આ ઝારખંડ સરકારને અસ્થિર કરવાનું ષડયંત્ર છે. આવનારા સમયમાં વસ્તુઓ વધુ સ્પષ્ટ થશે. તેમણે કહ્યું કે ગયા મહિને ઉદ્ધવ ઠાકરે સરકારના પતન સાથે મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલનો અંત આવ્યો.

# રાજયના ૧૭ જિલ્લાના ૧૭૪૬ ગામોમાં ૫૦,૩૨૮ પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝનાં કેસ જોવા મળ્યા



કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજી ભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્યમાં પશુઓમાં લંમ્પી સ્કીન ડિસિઝ રોગના લક્ષણો જણાતા તે જ દિવસથી રાજ્ય સરકારે સતર્કતા દાખવીને પશુપાલન વિભાગના અધિકારીઓને સતત મોનિટરિંગ કરી યોગ્ય વ્યવસ્થાઓ ગોઠવવા સૂચનાઓ આપીને પશુઓને સત્વરે સારવાર મળી રહે તે માટે વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી. એટલે પશુપાલકોએ સહેજપણ ચિંતા કરવાની જરૂર નથી સમગ્ર વહીવટી તંત્ર ખડેપગે તૈનાત છે.

કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી એ ઉમેર્યું કે, રાજ્યમાં આ રોગનો જ્યારથી પ્રથમ કેસ દેખાયો ત્યારથી જ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યુ છે જેના પરિણામે આ રોગને વધુ ફેલાતો રોકવામાં સફળતા મળી છે. અસરગ્રસ્ત જિલ્લાઓમાં સર્વે સહિત સારવાર અને રસીકરણની કામગીરી યુધ્ધના ધોરણે હાલ ચાલી રહી છે. મંત્રી શ્રી એ ઉમેર્યું કે, રાજયના હાલની સ્થિતિએ અત્યાર સુધી રાજયના કચ્છ, જામનગર, દેવભુમિ દ્વારકા, રાજકોટ, પોરબંદર, મોરબી,સુરેન્દ્રનગર, અમરેલી,ભાવનગર,બોટાદ,જુનાગઢ, ગીર સોમનાથ, બનાસકાંઠા, સુરત ,પાટણ અરવલ્લી અને પંચમહાલ મળી કુલ ૧૭ જિલ્લાના ૧૭૪૬ ગામોમાં ૫૦,૩૨૮ પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝનાં કેસ જોવા મળ્યા હતા અને અસરગ્રસ્ત તમામ ૫૦,૩૨૮ પશુઓને સારવાર આપવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે,અત્યાર સુધી રાજયમાં કુલ ૧૨૪૦ પશુઓનાં લમ્પી સ્કીન ડીસીઝનાં કારણે મરણ થયા હોવાનું નોંધાયું છે. નિરોગી પશુઓમાં રોગનો ફેલાવો ન થાય તે માટે અત્યાર સુધી ૫.૭૪ લાખથી વધુ પશુઓમાં રસીકરણ કરવામાં આવ્યું છે અને હાલમાં જીલ્લા કક્ષાએ ૧૦ લાખથી વધુ રસીના ડોઝ ઉપલબ્ધ છે.

મંત્રી શ્રી એ ઉમેર્યું કે,આ ૧૭ જિલ્લાઓમાં પશુપાલન ખાતાના ૧૯૨ પશુચિકિત્સા અધિકારીઓ અને ૫૬૮ પશુધન નિરિક્ષકો દ્વારા અસરગ્રસ્ત ગામોમાં સઘન સર્વે, સારવાર અને રસીકરણની કામગીરી ચાલુ છે. વધારાના ૨૯૮ આઉટસોર્સડ પશુચિકિત્સકોને દસ ગામ દીઠ મોબાઈલ પશુદવાખાનાના વાહન સહિત આ રોગના સર્વે, સારવાર અને રસીકરણની કામગીરીમાં સામેલ કરવામાં આવી છે.

પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝની સારવાર અને રસીકરણની કામગીરીને યુધ્ધનાં ધોરણે પરિપૂર્ણ કરવા રાજયની વેટરનરી કોલેજનાં સ્નાતક, અનુસ્નાતક અને પ્રાધ્યાપકો સહિત ૧૦૭ સભ્યોને કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને બનાસકાંઠા જિલ્લામાં આજથી તૈનાત કરવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું કે,રાજયમાં પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝનાં નિયંત્રણની ક્ષેત્રિય કામગીરીની સમીક્ષા માટે પશુપાલન અને ગૌ સંવર્ધન રાજય મંત્રીશ્રી દ્વારા તાજેતરમાં સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના ગામ ફુલઝર અને રેશમિયા, અને મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના મેસરીયા ગામ ની સ્થળ મુલાકાત લીધી છે અને રોગના ઝડપી નિયંત્રણ માટે સ્થાનિક તંત્રને જરૂરી સુચનો કર્યા હતા.

આજે કૃષિ, પશુપાલન અને ગૌ સંવર્ધન મંત્રીશ્રી દ્વારા પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝનાં નિયંત્રણની કામગીરીનાં સ્થળ નિરિક્ષણ માટે જામનગરની વચ્છરાજ ગૌશાળા, વિભાપર અને માં-દર્શન ગૌ શાળા,દરેડની મુલાકાત લીધી છે.

સાથોસાથ સૌથી વધુ અસરગ્રસ્ત એવા કચ્છ જીલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝનાં સર્વે, સારવાર અને રસીકરણની કામગીરી સંદર્ભે રાજયના મુખ્ય સચિવશ્રી દ્વારા પણ સમીક્ષા કરવામાં આવી છે અને પશુપાલન સચિવશ્રી અને પશુપાલન નિયામકશ્રી એ ઉપસ્થિત રહી રાજયમાં થયેલ કામગીરીની વિગતો આપી હતી.

તેમણે ઉમેર્યુ કે,પશુપાલકને આ રોગમાં તાત્કાલિક સારવાર અને અન્ય માહિતી માટે શરુ કરેલ ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૯૬૨ પર છેલ્લા આઠ દિવસમાં ૧૫,૫૮૩ એટલે કે દરરોજ સરેરાશ ૧૯૪૮ જેટલા કોલ્સ લમ્પી સ્કીન ડીસીઝ માટે આવ્યા છે.

રાજયમાં લમ્પી સ્કીન ડીસીઝનાં નિયંત્રણ માટે રાજય સરકાર દ્વારા કુલ ૧૪ જિલ્લ્લાઓમાં પશુઓની હેરફેર અને પશુ મેળાઓ પર પ્રતિબંધ માટે તા.૨૬.૦૭.૨૦૨૨નાં રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે. સાથોસાથ આ રોગના નિયંત્રણ અને મોનીટરિંગ માટે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ અને જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના ચેરમન સહિતની સમિતિની રચના અંગેનો ઠરાવ કરવામાં આવ્યો છે.

# અર્પિતા પાસે ૫૦ કરોડની રોકડ ક્યાંથી આવી:લાંચ લઈને લાયકાત વગરના લોકોને નોકરી અપાવી

કોલકાતા,તા.૩૧

પશ્ચિમ બંગાળના પૂર્વ મંત્રી પાર્થ ચેટરજીની સહયોગી અર્પિતા મુખર્જી પાસેથી ૫૦ કરોડ રૂપિયા રોકડા મળ્યા બાદ ઈઙ્ઘ આ રોકડનો સ્ત્રોત શોધવાનો પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન ત્રણ અલગ-અલગ યાદીઓ આવી છે. એક યાદી કોઈ એજન્ટની છે, તેમાં કોની પાસેથી લાંચ લેવામાં આવી છે તેની વિગતો છે. બીજી યાદી ટીએમસીના ધારાસભ્યો સાથે સંબંધિત છે. જેમાં મંત્રીઓ દ્વારા નોકરી માટે જે ઉમેદવારોના નામની ભલામણ કરવામાં આવી હતી તેની વિગતો છે. ત્રીજી યાદી એવા ઉમેદવારોની છે, જેઓ મેરિટમાં પણ નહોતા, પણ હવે નોકરીમાં છે. જેઓ મેરીટમાં હતા તેઓ નોકરી મેળવવા માટે રસ્તા પર સંઘર્ષ કરી રહ્યા છે. આ તમામ કાગળો અલગ-અલગ વકીલો મારફત હાઈકોર્ટમાં પણ પહોંચ્યા છે. બંગાળમાં કેવી રીતે ભ્રષ્ટાચાર થયો વાંચો...

પશ્ચિમ બંગાળમાં શિક્ષકોની ભરતી માટે જે હંગામો ચાલી રહ્યો છે તે ૨૦૧૪ની પરીક્ષાનો છે. ગોટાળા ઘણી રીતે થયા છે. જેમ કે, લાયકાત વગરના લોકોને નોકરી આપવામાં આવી હતી. જેઓ ૬ પાસ છે તેમને શિક્ષક બનાવવામાં આવ્યા હતા. જેમણે પરીક્ષા આપી ન હતી, તેઓ પણ પસંદગી પામ્યા છે.

એક એજન્ટની યાદી છે, તેમાં કોની પાસેથી લાંચ લેવામાં આવી છે તેની વિગતો છે. બીજી યાદી તૃણમૂલના ધારાસભ્યો સાથે સંબંધિત છે. ટીએમસી નેતા મુકુલ રોયના પુત્ર સુભ્રાંશુ રોય, ટીએમસીના રાજ્ય સચિવ અસીમ માઝી અને અખિલ ગિરી દ્વારા સહી કરાયેલ અલગ-અલગ પત્રો મળ્યા છે. આ પત્ર ૨૦૧૩ના છે. તે ઉમેદવારોના નામ અને રોલ નંબર લખીને ભરતી બોર્ડને આપવામાં આવ્યો હતો.

આ મામલામાં અરજી દાખલ કરનાર વકીલ તરુણ જ્યોતિ તિવારીએ કહ્યું કે 'મેં આ યાદી હાઈકોર્ટને પણ સુપરત કરી છે. તેથી સાબિત થાય છે કે શિક્ષકોની ભરતીમાં રૂપિયા ટીએમસીના ઘણા નેતાઓ દ્વારા તત્કાલિન શિક્ષણ મંત્રી સુધી પહોંચતા હતા. ૫૦ કરોડની રકમ મળી છે તે બહુ ઓછી છે. જ્યારે આ સમગ્ર કૌભાંડ સામે આવશે તો રકમ ૫ હજાર કરોડ સુધી પહોંચી જશે, કારણ કે એક ઉમેદવાર પાસેથી ૧૮-૨૦ લાખ રૂપિયા લેવામાં આવ્યા છે. અને આ બધું છેલ્લા ૧૦ વર્ષથી ચાલી રહ્યું છે.

એડવોકેટ તિવારી દ્વારા બીજી યાદી પણ મળી છે. તે એક એજન્ટ છે. જેમાં કુલ ૩૦ ઉમેદવારોના નામ લખવામાં આવ્યા છે. તેમના મોબાઈલ નંબર અને કોની પાસેથી કેટલા રૂપિયા લેવામાં આવ્યા તેની વિગતો છે. આ સાથે, જે ઉમેદવારોને પૈસા પરત કરવામાં આવ્યા હતા તેમની વિગતો પણ છે. આ યાદી હાઈકોર્ટમાં પણ રજૂ કરવામાં આવી છે. મેરિટ લિસ્ટમાં સ્થાન મેળવનારા ઉમેદવારો લાંચ દ્વારા આપવામાં આવતી નોકરીઓ સામે કોલકાતાના મેયો રોડ પર છેલ્લા ૫૦૩ દિવસથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ લોકો અલગ-અલગ શિફ્ટમાં વિરોધ કરે છે. તેમને કોર્ટમાંથી વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી મળી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

## રિકાફિયા ગઝલ




વ્હેતી હવા જ હાલ તો અણસાર આપશે,
દિલમાં વસે એ ખ્યાલ વફાયાર જાણશે.
સંવેદના બની હજુ રગરગ મહીં વહે?
મારામાં એ સવાલ લગાતાર જાગશે.
ટાઢક વળે છે દિલને મહોબતની આગથી,
કેવી છે આ કમાલ! અગન ઠાર માણશે.
તું શ્વાસમાં શ્વસે ને વિશ્વાસમાં વસે,
તારા વિના મજાલ કે ધબકાર ચાલશે!
નિઃશબ્દતા હૃદયની નિનાદિત થતી રહે,
તો પ્રેમ; સૂરતાલ ને 'ઝણકાર' પામશે.
-મનિષા ભદ્રેશ 'ઝણકાર' (મુંબઈ )

## " સખી કેરું નામ "




કચ્છ વાગડ ને કાઠિયાવાડી નાર,
કંઠે શોભાવતી છૂંદણાં કેરો હાર..
છૂંદણાંમાં ત્રોફાવતી સખી કેરું નામ,
ક્યારેક પ્રિયતમનું લખાવે સુંદર નામ..
કોઈ લખાવે ?, તો કોઈ સીતા રામ,
કોઈ લખાવે શ્યામ, તો કોઈ રાધા નામ..
કોઈ જોવા મળે તરણેતરના મેળે,
કોઈ જોવા મળે આરાસુરના મેળે..
ઘૂંઘટમાં ઝીણું મલકાતી છૂંદણાં કેરી નાર,
હૈયે હરખ ના મા'તો છૂંદણાં કેરો જોઈ હાર..
- દિનેશ કવિરાજ (ડીસા)...?




ઉપરથી સૌ માનવી બહુ શાંત દેખાય છે,
પણ કાળજામાં સતત કલ્પાંત દેખાય છે.
ઉડતા પતંગો ગયા, ફુગ્ગા ઉડે છે હવે,
ઉજવાતી આજે નવી સંક્રાંત દેખાય છે.
ભગવાને આપ્યું હતું માનવને પણ એક દિ
એમાં કરેલા હવે સો પ્રાંત દેખાય છે.
સાચ્ચે મજા આવવા લાગી હવે તો મને,
તારી ગઝલમાં કશું ઉત્ક્રાંત દેખાય છે.
ચિંતા નહીં કોઈની કરશે હવે થી પ્રશાંત,
ભાંગ્યો ભરમ , દશ્યથી ઉપરાંત દેખાય છે.
પ્રશાંત સોમાણી (સુરત)

## ચમકાવતી રહી



લાગણી ટોળે મળીને બારણું ખખડાવતી રહી,
આંખ મનને આવનારા ભય વિશે સમજાવતી રહી.
આવકારું કે પછી મન બારણું હું બંધ રાખું!,
એ દ્વિધામાં જિંદગી મારી મને ભરમાવતી રહી.
આખરે આ મન બિચારું માનવા તૈયાર ન્હોતું,
બારણું ખોલ્યું અને સામે નજર શરમાવતી રહી.
વાદળો મધ્યે છુપાતા ચંદ્ર જેવો, મસ્ત ચહેરો,
બે ઘડી મળવા દિવસભર લાગણી તરસાવતી રહી.
અર્થ સાચા પ્રેમનો સમજી ગયો 'રશ્મિ' હવે તું,
આયનો મનનો તરસતી આંખ બે ચમકાવતી રહી.
રશ્મિ શાહ. (અમદાવાદ)

## કૃષ્ણની સેવા



હિંડોળે હિંચાવું મારા શ્યામ બંસરીવાળા ,
મખમલ ગાલીચા બિછાવું મોરપીંછવાળા.
જરકસી જામા પહેરાવું સ્વર્ણ મુગટવાળા,
પીળા પીતામ્બર અંગે ઓઢાડું મોરલીવાળા.
માખણ અને મીસરી ધરાવું છેલ છોગાળા,
પંજરીનો પ્રસાદ ચડાવું જય ડાકોરવાળા.
તુલસીની માળા પહેરાવું હે કાનજી કાળા,
કેસર ચંદનનું તિલક લગાવું હે દ્વારિકાવાળા.
અમીદષ્ટિ તમે રાખજો કમલ નયનવાળા,
સમરું વેલેરા પધારજો ચાર ભુજાવાળા.
સંજય પ્રજાપતિ 'સંતૃપ્ત'મુન્દ્રા કચ્છ.



NOG SS No : 0044

વિષય:- દેશ વિદેશમાં વસતા ગુજરાતીઓનો દબદબો, બદલાતી સામાજીક અને આધુનિક શૈલી.

પ્રકાર:- ગદ્ય

શીર્ષક:- ગરબો

શબ્દો:- ૨૦૩

નામ:- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં બને ગુજરાત. ગુજરાતી એટલો ખમીરવંતો કે જ્યાં પણ જાય જામી જાય અને પારકાને પોતાના બનાવી દેય પોતાની સંસ્કૃતિમાં ભેળવી દેય, એનો ઉત્તમ નમૂનો એટલે આપણો ગરબો.

ગુજરાતી હોય ત્યાં ગરબો ન હોય એવું બને! પરદેશની ધરતી પર ગુજરાતીઓએ ગરબા ગાયા અને એમાં ભારતીઓની સાથે સાથે ગોરાઓ પણ ઘૂમવા માંડ્યા.

કુવૈતની ધરતી પર સતત બે વર્ષ સુધી અમારાં બિલીમોરાના એક મંડળે નવરાત્રીમાં દશેરા સુધી ધૂમ મચાવી તો બીજા એક મંડળે ન્યુઝીલેન્ડમાં.

આપણાં ગરબાની પરદેશી સરકારે પણ નોંધ લેવા માંડી. ૨૦૧૯માં હું નવરાત્રી પર ઓસ્ટ્રેલિયા હતી ત્યારે જોયું કે ત્યાંની સરકારે ગરબાનું આયોજન કરેલું. ઓનલાઈન બુકીંગ કરાવવાનું બુકીંગ હોય તો જ પ્રવેશ મળે અને એ માટે કોઈ ફી નહોતી.ત્યાંના સાંઈ મંદિરમાં પણ ગરબાનું ફી આયોજન અને પછી ભોજન.આ ગરબામાં ગોરાઓને ઘૂમતા જોયા.

દશેરાના દિવસે સાંઈ મંદિરમાં રાવણદહન કરેલું ત્યાર બાદ ભોજન.

નવરાત્રી પછી એક શનિવારે કેટલાક મિત્રોએ ગરબાનું આયોજન કરેલું અને ત્યારબાદ ભોજનમાં ફાફડા જલેબી હતાં બધાંએ ભેગા મળીને ખર્ચો ઉઠાવેલો.

અંહી તો આપણે દરેક તહેવાર ઉજવીએ પરંતુ આપણાં સંતાનોએ આપણી સંસ્કૃતિ પરદેશમાં પણ જાળવીને આપણાં તહેવારો ઉજવી આપણી ગરિમા જાળવી રાખી છે. એટલે જ જ્યાં વસે ગુજરાતી ત્યાં બને ગુજરાત.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

--------------------------------

*NOGSS NO-* 0088

*વિષય- * દેશ વિદેશ અને બદલાતી સામાજિક આધુનિક શૈલી..

પ્રકાર- ગદ્ય

શીર્ષક- વિદેશની વાટે વાટલડી

નામ- ડૉ. મનીષા વ્યાસ

રાઠોડ પ્રવીણકુમારની આ પંક્તિઓ..

પરિચયનાં પંખી લ્યો ઉડયાં ફરડાક દૈ.. આપણે તો ખાલી રે માળા.. હૈયાની વાત હવે હૈયામાં રાખવી રે.. હોઠોને દઈ દઈએ તાળાં..

આજની યુવાપેઢીની વિદેશગમન તરફની આંધળી દોટને પહોંચી વળવા માબાપ પોતાનું સમગ્ર જીવન બાળકોનાં શ્રેય અને કલ્યાણ માટે નીચોવી દે છે... ક્યારેય પ્રશ્ન થાય છે.. શું યુવાનોએ દેખાદેખીમાં વિદેશ વસવાટની દોટ લગાવી છે કે બીજું કાંઈ? કારણો અનેક છે.. તેમાંનું એક આપણો દેશ ઉગતી નવીપેઢીના પ્રખર બુદ્ધિજીવી પ્રતિભાસંપન્ન વ્યક્તિઓની આગવી તકો પૂરી પાડવામાં નિષ્ફળ નિવડ્યો છે તે પણ છે..

માબાપ બાળકોની મહત્વાકાંક્ષાઓ પોસવા અને ભાવિ જીવન સુધરવા માટે પેટે પાટા બાંધી, ઉછીનાં નાણાં કે લોનો લઈ, જમીન-જાગીર ગીરવે મૂકીને પણ પોતાનાં લાડલાંને વિદેશ મોકલી રહ્યાં છે.

અહીંથી ગયેલા અનેક પ્રતિભાસંપન્ન લોકોએ વિદેશની ભૂમિમાં પણ પોતાનું આગવું કૌશલ્ય બતાવી અનેકક્ષેત્રોમાં નામના મેળવી કાઠું કાઢ્યું છે તેનું ભારતીય હોવાના નાતે મને અનહદ ગર્વ છે.

પણ શું વિદેશની ભૂમિ પર પગ મૂકનાર દરેક વ્યક્તિ એટલો જ સફળ કે નસીબદાર છે? યૌવનમાં ડગ મુકનાર તેઓની યાતના અપાર હોય છે.. સ્વજનોની દૂરી, નવીધરતી, નવાલોકો, નવી રહેણીકરણી, નવા નિયમોમાં પોતાની જાતને ઢાળી ભણવા સાથે કમાવાની વિશેષ જવાબદારી નિભાવવાની હોય છે.

અને તેમાં ક્યાંક કોઈ અઘટિત ઘટના બને ત્યારે કેવી અસહ્ય પરિસ્થિતિનું નિર્માણ થાય છે તે આપણે અવારનવાર છાપાં કે સોશિયલ મીડિયા થકી જાણીએ છીએ. ગેરકાયદેસર વિદેશની ભૂમિ પર જતાં આખેઆખો પરિવાર બરફની જેમ થીજી ગયો સાંભળીને આપણું લોહી ઘડીભર થીજી જાય છે. એકનોએક લાડકવાયો કોઈની ગોળીનું નિશાન બને ત્યારે હૈયું રડી ઊઠે.

માબાપનો એકનોએક લાડકવાયો દીકરો અનિમેષ (નામ બદલ્યું છે) વિદેશમાં ભણવા સાથે કમાવા ગયો. બે વર્ષમાં મા-બાપનું દેવું ચૂકતે કર્યું ને ડિગ્રી પણ બે મહિનામાં હાથવેંત હતી.. માબાપને ત્યાં બોલાવી સ્થાયી થવાનો હતો. માબાપે લગ્નોત્સુક તેના માટે કન્યા પસંદ કરીને ઓનલાઈન સગાઈ પણ કરી. ત્રણ મહિના પછી તે લગ્ન કરવા આવવાનો જ હતો.. ત્યાં જ અચાનક કોઈની ગોળીનો શિકાર બન્યો. માબાપનાં જીવતરમાં અંધકાર વ્યાપી ગયો. વિદેશની વાટ.. અનિમેષ વાટડી જોવામાં ગરકાવ બની. આંગણે મરશિયાં ખૂટતાં ન હતાં..

ભાઈ રે.. અનિમેષ તારી વાટલડી જોઈએ ભારી..

તારા રે.. દીવાની વાટ આમ પરદેશમાં જઈ રે બુજાણી.ડૉ. મનીષા વ્યાસ

અમદાવાદ

--------------------------------

: NOG SS NO.60

નામ : ભગવતી પંચમતીયા 'રોશની'

વિષય : દેશ-વિદેશમાં ગુજરાતીઓનો દબદબો,

રહેણી-કરણી બદલાતી સામાજિક આધુનિક પરિસ્થિતિ

પ્રકાર : ગદ્ય (આર્ટીકલ)

શીર્ષક : આધુનિક રહેણી કરણી.

શબ્દો: ૨૦૦

દેશ હોય કે વિદેશ દરેક જગ્યાએ ગુજરાતીઓ પોતાનું આગવું સ્થાન બનાવી જ લે છે. જેમ વેપાર ગુજરાતીઓના લોહીમાં છે તેમ જ એકબીજામાં ભળી જવાની કળા પણ ગુજરાતીઓને હસ્તગત છે.

ગુજરાતીઓની ખાસ વાત એ કે તે બીજી પ્રજા કે દેશનાં બીજાં ભાગોનાં લોકો જોડે ભળી જરૂર જાય છે પણ તેમની પોતાની અલગ છાપ સાથે! અત્યારનાં યુગમાં વિદેશ નોકરી કે ધંધા માટે જવું અને વિદેશમાં વસી જવું એ સામાન્ય બાબત થઈ ગઈ છે. પહેલાં એવું ન હતું. ત્યારે એકબીજાં સાથે સંપર્ક જાળવી રાખવાનાં સાધનો પણ ટાંચા હતાં. તેથી વિદેશ જનાર, દેશનાં લોકો જોડે બહુ સંપર્ક જાળવી શકતાં નહીં. જ્યારે હવે તો ટેકનોલોજીએ બધું જ એકદમ સરળ બનાવી દીધું છે.

કોઈ વાત કરવી હોય કે મેસેજ; બધું જ આંગળીનાં ટેરવે! પરદેશ વસતાં સગાં કે વ્હાલાંની યાદ આવી કે તરત જ કોલ અને વિડીયોકોલ પણ લગાવી શકાય છે એટલે આજકાલ વિદેશ જવું સરળ થઈ પડ્યું છે. આપણા દેશનાં લોકોની આર્થિક સ્થિતિ પણ પહેલાંની સરખામણીએ વધુ સદ્ધર બની છે. યુવાનો અને નવપરણિત જોડલાઓ હવે વિદેશ ફરવા જવાનું વધુ પસંદ કરે છે. હવેની યુવતીઓ પણ લગ્ન કરીને વિદેશ વસવાનાં સપનાં જુએ છે અને માતા-પિતા તેને પૂર્ણ કરવામાં મદદ પણ કરે છે. આમ, કાળક્રમે રહેણીકરણી વધુ આધુનિક થતી જાય છે તેમ કહી શકાય.

ભગવતી પંચમતીયા 'રોશની'

## છનાલાલ જોશી માર્ગનું મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે નામાભિધાન

**છનાલાલ જોશી બધાને 'આપણા' લાગે એવું વ્યક્તિત્વ ધરાવતા હતા**

**માર્ગના નામાભિધાનથી છનાલાલ જોશીની સ્મૃતિ કાયમ માટે જળવાઈ રહેશે**

**નાગરિકોને હર ઘર તિરંગા અભિયાન સાથે જોડાવા માટે અનુરોધ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**



અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દક્ષિણ પશ્ચિમ ઝોનના જોધપુર વોર્ડમાં દિશમાન ફાર્મા હાઉસથી સ્પ્રિંગવેલી સર્કલ સુધીના નવનિર્મિત માર્ગને છનાલાલ જોષી માર્ગ નામાભિધાન કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તક્તીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રીએ જણાવ્યું કે છનાલાલ જોશી બધાને 'આપણા' લાગે એવું વ્યક્તિત્વ ધરાવતા હતા. જાહેરજીવનમાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરનારા છનાલાલ જોશી સૌ કોઈની સાથે પારિવારિક ભાવનાથી જોડાયેલા રહેતા હતા, એવું તેમણે ઉમેર્યું હતું.

છનાલાલ જોશી સાથેની સ્મૃતિ વાગોળતાં મુખ્યમંત્રીશ્રીએ એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો કે માર્ગના નામાભિધાનથી છનાલાલ જોશીની સ્મૃતિ કાયમ માટે જળવાઈ રહેશે.

વધુમાં મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત નાગરિકોને હર ઘર તિરંગા અભિયાન સાથે જોડાવા માટે અનુરોધ કરતાં કહ્યું હતું કે, દેશભાવનાને વ્યક્ત કરવા માટે આપણે સૌ આપણા ઘર પર તો તિરંગો લહેરાવીએ જ સાથે સાથે આસપાસના ઘરોમાં પણ તિરંગો લહેરાય એ માટે પ્રયાસ કરીએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા આ અભિયાનને સફળ બનાવવા આપણે સૌ સંકલ્પબદ્ધ થઈએ, એવું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે છનાલાલ જોશીના પુત્ર તેજસભાઈ જોશીએ માર્ગના નામાભિધાન માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો તેમજ રાજ્ય સરકારનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે ગુજરાત અને ખાસ કરીને અમદાવાદ શહેરના જાહેરજીવનમાં જીવન સમર્પિત કરી દેનારા છનાલાલ જોશીનું નામ માર્ગ સાથે જોડીને આ એક શ્રદ્ધાંજલિ ઉપરાંત સ્મરણાંજલિનું મોટું કામ થયું છે, એ બદલ જોશી પરિવાર આપનો આભારી છે.

છનાલાલ જોશીના સાથીદાર તરીકે દાયકાઓ સુધી કામ કરનારા ધર્મેશભાઈ શાહે આ પ્રસંગે સંસ્મરણો વાગોળતાં જણાવ્યું હતું કે છનાલાલનું વ્યક્તિત્વ પ્રેરણાદાયી હતું. મોટા મોટા નેતાઓ પણ તેમને સન્માનની નજરથી જોતા હતા. જાહેરજીવન કે અંગત જીવનની કોઈ પણ સમસ્યા હોય, તેમની પાસે જઈએ એટલે તરત ઉકેલ મળી જતો. તેમની પાસે તમે દસ મિનિટ બેસો તોપણ એટલું હસાવે કે તમારો થાક અને ચિંતા આપોઆપ દૂર થઈ જાય. આ પ્રસંગે આરોગ્ય અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિ પરીખ, અમદાવાદના મેયર શ્રી કિરીટ પરમાર, જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ, ઔડાના પૂર્વ ચેરમેન શ્રી ધર્મેન્દ્ર શાહ, સર્વે ધારાસભ્યશ્રીઓ, છસ્ઝના કમિશનર શ્રી લોચન સહેરા સહિતના છસ્ઝ અને છેંઢછના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, છનાલાલ જોશી પરિવારના સભ્યો તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતની સૌથી મોટી ક્વિઝ ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q) ને વિદ્યાર્થીઓ અને પ્રજાજનો દ્વારા બહોળો પ્રતિસાદ:

શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં ૭ જુલાઈથી શરૂ થયેલી ભારતની સૌથી મોટી ક્વિઝ સ્પર્ધા 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)'ને ગુજરાતના વિદ્યાર્થીઓ અને પ્રજાજનો દ્વારા ખૂબ જ બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યો છે. માત્ર ૨૩ દિવસમાં જ ૨૩ લાખથી વધુ રજીસ્ટ્રેશન નોંધાયા છે. સતત ૯ અઠવાડિયા સુધી તાલુકા અને વોર્ડ કક્ષાએ ચાલનાર આ ક્વિઝ અભિયાનમાં પ્રથમ અઠવાડિયામાં ૪ લાખથી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જ્યારે બીજા અઠવાડિયામાં ૩.૬૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે, જેનાથી એક નવો રેકોર્ડ બન્યો છે.

જેની પરિપાટીએ ક્વિઝના ત્રીજા અઠવાડિયામાં ૨.૬૫ લાખ વિદ્યાર્થી સ્પર્ધકોએ ભાગ લઈને પોતાની પ્રતિભાને ઉજાગર કરી છે. તેમણે ઉમેર્યું કે,ત્રીજા સપ્તાહમાં શાળા કક્ષાના ૧,૭૨,૧૫૩થી વધુ, કોલેજ કક્ષાના ૫૨,૩૯૦ થી વધુ વિદ્યાર્થીઓએ અને અન્ય ૪૧,૧૫૮ પ્રજાજનોએ ક્વિઝમાં ઉત્સાહભેર ભાગ લઈ જ્ઞાનની સરવાણી વહાવી છે.

આ ક્વિઝ દર અઠવાડિયે રવિવારથી શુક્રવાર દરમિયાન રમાય છે અને દર શનિવારે વિજેતા જાહેર થાય છે.

તેમણે ઉમેર્યું કે,ત્રીજા સપ્તાહમાં જે ક્વિઝ રમાઈ હતી, તેમાં શાળા કક્ષાએ ૩૮૯૨ અને કોલેજ કક્ષાએ ૩૨૧૪ વિદ્યાર્થીઓ અને અન્ય કેટેગરી કક્ષાના ૫૮૭૯ એમ કુલ ૧૨,૯૮૫ વિજેતાઓ આજે જાહેર થયા છે. જેનું પરિણામ g3q.co.in વેબસાઈટ પર જોઈ શકાશે. ત્રીજા સપ્તાહમાં રાજ્યની કુલ ૮૯૫૪ શાળાના વિદ્યાર્થીઓએ જ્યારે ૨,૨૮૦ કોલેજના યુવાઓએ આ ક્વિઝ મહાઅભિયાનમાં ભાગ લીધો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ત્રીજા સપ્તાહ દરમિયાન ક્વિઝમાં વિદ્યાર્થીઓએ કુલ ૩,૦૦૦થી વધુ પ્રશ્નોની ક્વિઝ રમી ભારત તથા ગુજરાત સરકારની પ્રજાલક્ષી યોજનાઓથી માહિતગાર થયાં હતાં. સતત ૯ અઠવાડિયા સુધી તાલુકા અને વોર્ડ કક્ષાએ, ત્યારબાદ જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ ચાલનાર ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ અભિયાનમાં વિજેતાઓને ૨૫ કરોડથી વધુના ઈનામો તથા સ્ટડી ટુર પ્રાપ્ત થશે.

## દેશમાં ૧૫ વર્ષમાં ૧૩૫ મિગ-૨૧ ક્રેશ થયા છે જેમાં ૨૦૦ પાઈલટ ગુમાવ્યા પડયા છે.

નવીદિલ્હી,તા.૩૧

ભારતમાં ૨૦૦૭થી ૨૦૨૨ની વચ્ચે ૧૩૫ વિમાન નષ્ટ થયા છે, જેમાં અડધાથી વધુ મિગ ફાઈટર હતાં. તેને કારણે દેશને ૨,૨૮૨ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ની વચ્ચે દર વર્ષે ૧૩ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા, જ્યારે ત્યારબાદ આ સરેરાશ ૮ રહી. હવે દર વર્ષે ૬ વિમાન દુર્ઘટના નોંધાઈ રહી છે. છેલ્લાં ૧૫ વર્ષમાં કુલ ૧૩૫ વિમાન ક્રેશ થયાં છે, જેમાં સેનાએ ૨૦૦ ફાઈટર પાઈલટ ગુમાવ્યા છે.

આ અંગે વાયુસેનાના એક અધિકારીએ જણાવ્યું, ૨૦૨૦-૨૧માં વિમાન દુર્ઘટનાનો દર ૫૦ વર્ષમાં સૌથી ઓછો રહી ગયો છે. તેનું મોટું કારણ એ પણ છે કે ફાઈટર કાફલામાં મિગ-૨૧ના સ્ક્વાડ્રન જ બચ્યા છે. તેમાંથી એક સપ્ટેમ્બરમાં સેવાથી બહાર થઈ જશે. ત્યારબાદ દરેક વર્ષે સ્ક્વૉડ્રન સેવાથી હટતા રહેશે.

આ રીતે ત્રણ વર્ષમાં મિગ-૨૧ સેવાથી બહાર થઈ જશે, જેને 'ઉડતા કોફિન' કહેવામાં આવે છે. મિગ-૨૧ વિમાનોને ૧૯૬૩માં સેનામા સામેલ કરવામાં આવ્યા. અત્યાર સુધી ૮૭૫ વિમાન ભારતીય સેનાના બેડામાં સામેલ થયા. તેમાં અડધા દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયા અને બાકી ફેજ આઉટ થઈ ગયા.

વર્ષ ૧૯૭૧માં નક્કી થયું કે મિગ-૨૧ને ૩૦ વર્ષની અંદર ફેઝ આઉટ કરી દેવામાં આવશે. જોકે ફાઈટર કાફલાની તાકાત બરકરાર રાખવા માટે ઓવરહોલિંગથી તેની ઓપરેશનલ આવરદા વધારવામાં આવતી રહી. તેમાં કોઈ શંકા નથી કે મિગ-૨૧ ઘરડા થઈ ગયા છે.

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા "ધરતી રત્ન એવોર્ડ" સમારંભ યોજાયો

આ પ્રસંગે ઉદબોધન કરતા મુખ્મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સતત ૪૫ વર્ષથી શિક્ષણ,આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે લોકસેવા માટે આશીર્વાદ ફાઉન્ડેશનનું મહત્વનું યોગદાન રહ્યું છે. આપબળે સેવાકાર્યો કરવાનું કે સમાજના કોઈ ચોક્કસ વર્ગને મદદરૂપ થવાનું કાર્ય ખરેખર પડકારરૂપ હોય છે, આવા કાર્યો માટે અંગત જીવનમાં ઘણા ત્યાગ અને બલિદાન આપવા પડે છે. આજે જેઓનું સન્માન થઈ રહ્યું છે તેવા સૌ એવોર્ડ વિજેતાઓએ આવા તમામ પડકારોનો સામનો કરીને લોકસેવા અને સમાજસેવાની જ્યોત અવિરત પ્રજ્વલિત રાખી છે. આવા સજ્જનો ખરેખર સેવા, સમર્પણ અને ત્યાગના પ્રતીક છે. નિ:સ્વાર્થભાવે જરૂરિયાતમંદોની સેવા કરનારા આવા લોકો ખરેખર સમાજ માટે પ્રેરણારૂપ છે. આવા મહાનુભાવોના સેવાપ્રસંગોમાંથી સેવાભાવનાની ચાહના રાખતા અન્ય લોકોને પ્રેરણા મળે છે અને આ જ રીતે સમાજ ઉત્કર્ષનું આ ભગીરથ કાર્ય અવિરતપણે ચાલતું રહે છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે જ્યારે એક ભારત , શ્રેષ્ઠ ભારતનું સ્વપ્ન સાકાર કરવા સમગ્ર દેશ એકસાથે આગળ વધી રહ્યો છે ત્યારે રાજ્ય સરકાર પણ લોકહિત અને જનલાભાર્થે અનેકવિધ મદદલક્ષી યોજનાઓથી જરૂરિયાતમંદોની સેવા કરી રહી છે. કોવીડ મહામારીમાં પણ સરકાર અને ઘણા ટ્રસ્ટ તેમજ દ્દર્દ એ સાથે મળીને ×સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ- સૂત્રને સાર્થક કર્યું છે જે આપણી અતૂટ સેવાભાવના અને જનસેવાવૃત્તિની સાબિતી છે. આ પ્રસંગે ઉદબોધન કરતા શ્રી નરહરિ અમીને જણાવ્યું હતું કે, આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને સસ્તી આરોગ્ય સુવિધાઓથી લઈને કેળવણી તેમજ સમાજ વિષયક ઘણી સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. સ્વેચ્છાએ સામાજિક સેવાકાર્યો કરનારા આવા સંસ્થાનો અને જેમનું આજે સન્માન થઈ રહ્યું છે એવા આ મહાનુભાવો ખરેખર માણસાઈના હરતા ફરતા જીવંત પ્રતીકો સમાન છે. તેમના સત્કર્મો ભલે ઝાકળના બિંદુ જેટલા નાના હોય, પણ તેમના સત્કાર્યોની સુવાસ સમાજમાં બહુ લાંબે સુધી પ્રસરેલી હોય છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આજે રાજ્ય સરકાર પણ જનતાની સેવા માટે અને સુખાકારી માટે સંપૂર્ણપણે પ્રયત્નશીલ છે, જેનું સૌથી મોટું ઉદાહરણ આયુષ્માન યોજના છે. આ યોજના હેઠળ આરોગ્ય સંબંધિત સમસ્યાઓ માટે ? ૫ લાખ સુધીનું આરોગ્ય કવર મળે છે. આવી અનેક યોજનાઓ થકી સરકાર લોકહિત અને જાહેરસેવાના કાર્યો માટે પૂર્ણરૂપે કટિબદ્ધ છે.

ધરતી રત્ન એવોર્ડ રાજ્યભરમાંથી સમાજસેવા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારા લોકોને એનાયત કરવામાં આવે છે. આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા આરોગ્ય, કેળવણી અને કોમ્યુનિટી વિષયક સેવાઓ આપવામાં આવે છે જેમાં સસ્તા ભાવે દવાઓ અને આરોગ્ય સેવાઓ, મેડિકલ મોબાઈલ વાન, સ્તન કેન્સર નિદાન અને જાગૃતિ અભિયાન, કારકિર્દી માર્ગદર્શન, રીડિંગ લાઈબ્રેરી જેવી સેવાઓનો સમાવેશ થાય છે.

# ગૌરવ ગુરુ શિખર ' અભિનંદન ગ્રંથનું લોકાર્પણ કર્યું.મુખ્ય મંત્રી ના હસ્તે

અમદાવાદ,

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ ખાતે અસાધારણ સિદ્ધિ અને સફળતા પ્રાપ્ત કરનાર બહુમુખી પ્રતિભા ધરવનાર શ્રી મહેન્દ્રભાઈ શાહના જીવન અને કવનને આવરી લેતા 'ગૌરવ ગુરુ શિખર ' અભિનંદન ગ્રંથનું લોકાર્પણ કર્યું

શ્રી મહેન્દ્રભાઈ શાહનું દરેક ડગલું સમાજ અને રાષ્ટ્રના હિત માટે રહ્યું છે એવું મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ એ જણાવ્યું.

આ કાયઁકમ ના સંયોજક હિરેનભાઈ મેવાડા (આર્કિટેકટ) તથા ભરતભાઈ શેઠ ( સિમેન્ટ ઈન્ડસ્ટ્રીયાલીસટ)નું પણ મુખ્યમંત્રીશ્રીના હાથે સન્માન કરવામાં આવ્યુ હતું.

રાજયના નાગરિકોને રાષ્ટ્રભાવ સાથે જોડાઈને ૧૩થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાવવા આહવાન કરતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

આ ગ્રંથ આપણા સૌ માટે ગૌરવનું ગુરુ શિખર છે. આ ગ્રંથ જેના પર લખવામાં આવ્યો છે એવા શ્રી મહેન્દ્રભાઈ શાહ ખરેખર મળવા અને માણવા જેવા માણસ છે તેમજ તેમની પાસેથી ઘણું આજની પેઢીને શીખવા મળી શકે છે.

તેમણે વધુમાં કહ્યું કે, દેશને આઝાદી અપાવનારા સૌ ક્રાન્તિવીરોએ આપણને રાષ્ટ્રને સમર્પિત થઈ જવાની પ્રેરણા આપી છે અને વર્તમાનમાં શ્રી મહેન્દ્રભાઈ



શાહ જેવા મહાનુભાવો આપણને આવી જ પ્રેરણા આપતું જીવન જીવી રહ્યા છે એટલુ જ નહિ મહેન્દ્રભાઈનું દરેક ડગલું સમાજ અને રાષ્ટ્રના હિત માટે રહ્યું છે.

આ પ્રસંગે શ્રી મહેન્દ્ર શાહે પોતાના અત્યાર સુધીના જીવનના અનેક પ્રેરક પ્રસંગો ઉપસ્થિત મહાઅનુભાવો રજૂ કર્યા હતા. શ્રી મહેન્દ્ર શાહે આ પ્રસંગે ઉપસ્થિત સૌ મહાનુભાવ વેપારીઓ તેમજ વિવિધ ક્ષેત્રની હસ્તીઓને વડાપ્રધાન શ્રી દ્વારા ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાનમાં પણ જોડાવવાની અપીલ પણ કરી હતી.

આ કાયઁકમના અવસરે ભૂતપૂર્વ ચીફ સેક્રેટરી શ્રી પી.કે. લેહરી, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, વરિષ્ઠ પત્રકાર અજયભાઈ ઉમટ, સ્વાગત કમિટીના ચેરમેન શ્રી પ્રમોદભાઈ શાહ તથા અલ્પાબેન, ચૈતન્ય શંભુ મહારાજ, પથિક પટવારી ,પ્રવિણ ખંડેલવાલ , જીસીસીઆઈના પ્રમુખ, મોટી નાતના હોદેદારો ,અપના બજાર ના મિત્રો , જીતો ના આગેવાનો, લાયન્સ કલબના પાસ્ટ ગવર્નર શ્રી ઓ, સામાજિક સંસ્થાઓ ના હોદ્દેદારો ,ભારતના અલગ અલગ સંસ્થાના બિઝનેસમેન તેમજ વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સંકલ્પ સંસ્થા પાટણ દ્વારા જોગીવાડા વિસ્તારમાં વેક્સીનેશન કેમ્પ યોજાયો

પાટણ,

સંકલ્પ સંસ્થા પાટણ દ્વારા તાલુકા હેલ્થ કચેરીના સહયોગથી આજરોજ જોગીવાડો, અંબાજી માતા ના મંદિર પાસે પ્રથમ, બીજો અને બુસ્ટર ડોઝ કેમ્પ નું આયોજન કરેલ હતું

જેમાં જોગીવાડા તેમજ આજુબાજુ વિસ્તારના લોકો મોટી સંખ્યામાં રસીકરણ માટે હાજર રહ્યા હતા આ કેમ્પમાં કુલ ૯૦ લોકો એ વેક્સિન ના ડોઝ લીધા હતા. આ કેમ્પ માં પાટણ જિલ્લા ભાજપ મહામંત્રી ભાવેશભાઈ પટેલ, પાટણ શહેર ભાજપ ઉપપ્રમુખ સંજયભાઈ પટેલ, સંકલ્પ સંસ્થાના પ્રમુખ અને કોર્પોરેટર રાજેન્દ્ર કે.



હિરવાણીયા, રમેશભાઈ પટેલ, મુકેશભાઈ પ્રજાપતિ, નરેશભાઈ મકવાણા તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભોરડુ પી.એચ.સી સેન્ટર માં સારવાર માટે દર્દીઓ ને બહાર થી પેરાસીટામોલ ઈન્જેક્શન અને આઈ.વી લાવવા મજબુર

થરાદ,

થરાદ તાલુકાના ભોરડું મુકામે પીએસસી સેન્ટર તેમજ આરોગ્ય કેન્દ્ર આવેલ છે આ આરોગ્ય કેન્દ્રમાં આજુબાજુ ના ગામડા કોઠીગામ ઝેટા વેદલા ભીમપુરા દીદરડા ખેંગારપુરા વગેરે ગામના લોકો સારવાર અર્થે આવે છે આ સેન્ટરમાં ગરીબમાં ગરીબ પરિવાર સારવાર માટે આવતા હોય છે કારણ કે સરકારી આરોગ્ય કેન્દ્ર હોવાથી તેમને નિશુલ્ક સારવાર મળી રહે તેવી અપેક્ષા હોય છે પરંતુ ભોરડુ પી.એચ.સી સેન્ટરમાં અત્યારે ચોમાસાની સિઝન ચાલતી હોવાથી લોકોમાં તાવ શરદી ખાંસી જેવી બીમારી નો વધારો થયો છે જે સારવાર માટે ભોરડૂ પી.એચ.સી સેન્ટર માં દાખલ થાય ત્યારે તેમને બોટલ ચઢાવવા માટે આઈ.વી અને પેરાસીટામોલ નુ ઈન્જેકશન પીએસસીઓ ના હોવાથી તેમને બહાર મેડિકલ માંથી ?૪૦ ના ભાવે ખરીદી કરવી પડે છે જે નિશુલ્ક સારવાર ની અપેક્ષા પડી ભાગે છે આવી તો ભોરડૂ પી.એચ.સી દરોજ દિવસ ની કેટલીઓ ઓ.પી.ડી થતી હોય છે અને દરેક ને બહાર થી લાવવાની ફરજ પડતી હોવાથી ગરીબ લોકો ને નિ.શુલક સારવાર



જેવુ લાગતુ નથી.

ફરજ પરના મેડિકલ ઓફિસર બહેન દ્વારા જાણવા મળ્યું કે સરકાર દ્વારા અમને ઈન્જેક્શન પેરાસીટામોલ અને આઈ.વી જથ્થો બે વર્ષથી આપવામાં આવતો નથી જેને કારણે બહારથી મંગાવવું પડે છે. થરાદ બ્લોક હેલ્થ સેન્ટર માથી જેપાલ સાહેબ દ્વારા જાણવા મળ્યું હતું કે ખરેખર ગામડાઓમાં ઉપરથી જ આ સ્ટોક આવતો નથી જેને કારણે ગરીબ લોકોને આઈ.વી અને પેરાસીટામોલ ઈન્જેક્શન બહારથી ગરીબ લોકો લાવવા મજબૂર બને છે કારણ કે પી એચ.સી સેન્ટર માં બે વર્ષ થી એનો સ્ટોક બિલકુલ નથી જેની અમે ઉપર લેવલે રજૂઆત કરેલ છે.

ખરેખર થરાદ તાલુકા આવા પી.એચ.સી સેન્ટરો હશે કે જે સામાન્ય સારવાર માટે આવતા લોકો ને નાની નાની વસ્તુઓ બહારના મેડિકલ માંથી લાવવા લોકો મજબૂર બનવુ શ પડતુ હશે તે બિલકુલ વ્યાજબી નથી તેના માટે સરકાર શ્રી દ્વારા તાત્કાલિક ધોરણે તમામ પી.એચ.સી કેન્દ્ર માં જતો આપવામાં આવે તો આ મુશ્કેલી દૂર થાય અમુક પી એસ સી કેન્દ્ર એવા છે કે તેમની આજુબાજુ કોઈપણ પ્રકારની મેડિકલ હોતી નથી જેના કારણે ગરીબ લોકો ને સારવારથી થરાદ સુધી જવું પડે અને પી.એચ.સી કેન્દ્ર નિરાશા જેવું નીવડે છે....

અહેવાલ. થરાદ

# શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતીમાં વટવા વિધાનસભાના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

વટવા ,

શિક્ષણમંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ પ્રસંગોચિત ઉદબોધનમાં ઉપસ્થિત તમામ તેજસ્વી વિધાર્થીઓના શ્રેષ્ઠ પ્રદર્શન ને બિરદાવ્યા હતા તદ્ઉપરાંત અન્ય વિદ્યાર્થીઓને પણ જીવન ઘડતરના પાઠ શીખવીને ઉત્તરોઉત્તર પ્રગતિ કરવા અને જીવનમાં સકારાત્મક વલણ , વિચાર અને અભિગમ દાખવવાની શીખ આપી હતી.

તેમણે વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભારતનું ભવિષ્ય ગણાવીને તમામમાં દેશદાઝ જગાડવા આ વર્ષે ૧૩ તી ૧૫ મી ઓગસ્ટ યોજાનાર હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી બનીને દેશસેવા માટે સંકલ્પબધ્ધ બનવા અનુરોધ કર્યો હતો.

વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષણ સાથે કેળવણીનું સિંચન કરીને જ્ઞાન સાથે વ્યવહારૂ જ્ઞાન મેળવીને સ્કીલ્ડ બનવાની શીખ આપી હતી. આ તકે તેઓએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ ક્ષેત્રે હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલનો ચિતાર રજૂ કરીને વધુમાં વધું વિદ્યાર્થીઓને સરકારી યોજનાઓના લાભ લઇ કારકિર્દી ઘડતર માટે અનુરોધ કર્યો હતો.

આ ક્ષણે મંત્રી શ્રી વટવા વિધાનસભાના પ્રજાવત્સલ જનપ્રિય ધારાસભ્ય અને રાજ્યના પૂર્વ ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની વિવિધ સેવાકીય પ્રવૃતિઓના સંસ્મરણો વાગોડ્યા



હતા.

ભારતીય જનતા પાર્ટીએ રાજનીતીને સત્તા નહીં પરંતુ સેવાનું માધ્યમ બનાવ્યું હોવાનું જણાવી સ્વ. શ્રી અશોક ભટ્ટ અને ધારાસભ્ય શ્રી પ્રદિપસિંહ જાડેજાજીની હોસ્પિટલની ક્ષેત્રની નિઃસ્વાર્થ સેવાકીય પ્રવૃતિઓને યાદ કરીને પ્રજાસમક્ષ મૂકીને લોકોને સેવા-સુશ્રુષાતી અવગત કરાવ્યા હતા.

પૂર્વ ગૃહ રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ વટવા વિધાનસભા ફક્ત એક મતવિસ્તાર નહીં પરંતુ પરિવાર હોવાનું જણાવી અહીંના તારલાઓના સન્માનને સામાજીક ઉત્તરદાયિત્વની નિભાવણી હોવાનું જણાવ્યું હતુ.

આ પ્રસંગે તેઓએ વટવા વિધાનસભામાં છેલ્લા દાયકામાં થયેલ વિકાસના વિવિધ પ્રકલ્પો, વિકાસ પામેલ સેવાઓ અને સુવિધાઓ થી લોકોને અવગત કરાવ્યા હતા.

તેજસ્વી તારલાઓના સન્માન સમારોહમાં અમદાવાદ શહેર મેયર શ્રી કિરીટભાઇ પરમાર, સાસંદ શ્રી હસમુખભાઇ પટેલ, કર્ણાવતી મહાનગર ના અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ, સાહિત્યકાર સાઇરામ દવે, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયના નાગરિકોની સલામતી અને સુરક્ષામાં વધારો કરવાનો રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર,

રાજયમાં નાગરિકોની સલામતી અને સુરક્ષામાં વધારો કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે એક મહત્વનો નિર્ણય કર્યો છે.

ઝડપી ઔદ્યોગિકરણ, શહેરીકરણ તથા ધંધાકીય પ્રવૃત્તિઓના વ્યાપ વિસ્તારથી વિકસીત ગુજરાતમાં વાણિજ્યીક અને ઔદ્યોગિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલ, રમત-ગમત સંકુલો તથા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન અને વધુ પ્રમાણમાં લોકો એકત્રીત થતા હોય તેવા સ્થળોએ નાગરિકોની સુરક્ષા સામેના જોખમો નિવારવા તથા ગુનાની સંભાવનાઓ અટકાવવાના રક્ષાત્મક ઉપાય રૂપે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્યમાં મોટી સંખ્યામાં નાગરિકોની સલામતી તથા સુરક્ષામાં વધારો કરવા સી.સી.ટીવી કેમેરા લગાડવામાં આવેલા છે. રાજ્ય સરકારે નાગરિકો પણ સુરક્ષા અને સલામતીમાં સામેલ થાય તેવા હેતુથી જનભાગીદારીથી સીસીટીવી કેમેરા સિસ્ટમ લગાડવા અને પ્રવેશ નિયંત્રણ પગલાં ફરજિયાત કરવાના હેતુથી ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ અધિનિયમ-૨૦૨૨ નો સોમવાર તા.૧ લી ઓગસ્ટ-૨૦૨૨ થી અમલ કરવાનો નિર્ણય કર્યો છે.

આ અધિનિયમ પ્રથમ તબક્કે રાજયના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર એમ ૮ મહાનગરોમાં અમલમાં મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અધિનિયમ અનુસાર એકજ સમયે ૧ હજાર લોકો ભેગા થતા હોય અથવા દિવસ દરમયાન ૧ હજાર લોકોની અવર-જવર રહેતી હોય તેવી સંસ્થાઓએ સી.સી. ટીવી કેમેરા લગાડવાના રહેશે. એટલું જ નહી, ૩૦ દિવસના ફૂટેજ સાચવવાના રહેશે. પી.એસ.આઇ કે તેથી ઉપરની કક્ષાના અધિકારીઓ ગુનાની તપાસ માટે આવા વિડીયો ફૂટેજ માંગી શકશે. આ અધિનિયમના સરળતાથી અમલીકરણ માટે જાહેર સલામતી સમિતીની રચના જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવશે.

તદનુસાર, મહાનગરપાલિકા વિસ્તારો માટે નિવાસી અધિક કલેક્ટરની અધ્યક્ષતામાં સમિતી રચવામાં આવશે તેમજ નાયબ પોલીસ અધિક્ષકથી ઉપરની કક્ષાના ના હોય તેવા અધિકારી સભ્ય સચિવ રહેશે. નાયબ મ્યુનિસિપલ કમિશનર સમિતીના સભ્ય રહેશે તેમજ જે વિસ્તારને અધિનિયમની જોગવાઇ લાગુ પડતી હોય તે વિસ્તારમાં આવેલા એકમોના એસોસિયેશનના ૩ કરતા વધુ ન હોય એટલા પ્રતિનિધિઓ પણ સમિતિના સભ્ય રહેશે તથા તેમની નિયુક્તિનો વધુમાં વધુ સમયગાળો બે વર્ષનો રહેશે.

પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સમિતીના સભ્ય સચિવ તરીકે નાયબ પોલીસ કમિશનર કામગીરી બજાવશે.

આવી સમિતી દ્વારા લેખિતમાં ભલામણ કરવામાં આવ્યા હોય તેવા જાહેર સલામતીના પગલાં ૬ મહિનાની અંદર ગોઠવવાનું સંબંધિત સંસ્થાઓ માટે ફરજિયાત રહેશે. આ અધિનિયમમાં એવી જોગવાઇ પણ કરવામાં આવી છે કે, જાહેર સલામતિ સમિતી કે જાહેર સલામતિ પેટા સમિતી દ્વારા અધિકૃત કરવામાં આવ્યા હોય તેવા અધિકારી બે દિવસની નોટીસ/ સૂચના આપ્યા પછી દિવસના વ્યાજબી કલાકોમાં આવા એકમો, સંસ્થાઓમાં સી.સી.ટીવી કેમેરાની સિસ્ટમનું નિરીક્ષણ કરીને કોઇ પણ ડિફોલ્ટ અથવા ઉલ્લંઘનના કિસ્સામાં જાહેર સુરક્ષા સમિતીને પોતાનો અહેવાલ આપશે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો ૧૩મો સ્થાપના દિવસ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૧૩માં સ્થાપના દિવસ નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તથા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતે પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરના અધ્યક્ષ સ્થાને તેમજ રાજયના શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય શિક્ષણ મંત્રીશ્રી કુબેર ભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં 'મોદીજ૨૦-ડ્રીમ્સ મીટ ડિલીવરી' કાર્યક્રમ યોજાયો હતો.

પૂર્વ કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી પ્રકાશ જાવડેકરે ચિલ્ડ્રન યુનિવર્સીટીના સ્થાપના દિવસે 'Modi@20 Dreams Meª Delivery' પુસ્તક પર પોતાના વિચારો રજૂ કરતાં કહ્યુ હતું કે, આ પુસ્તક ૨૦ વર્ષના સુશાસનની પ્રતીતિ કરાવતું ઉત્તમ પુસ્તક છે, જેમાં તેમના જોયેલા સપનાઓની 'સ્વપ્નથી સિદ્ધિ' સુધીના પ્રયાસોની સફર વર્ણવવામાં આવી છે. મોદી જ૨૦ માં કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ દ્વારા પણ બે લેખ લખવામાં આવ્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશનનું સપનું જોયું હતું જે આજે સાકાર થઈને સમગ્ર વિશ્વમાં અનોખી ઓળખ ઉભી કરી છે. આ યુનિવર્સિટી સમગ્ર વિશ્વમાં ફક્ત ગુજરાતમાં જ છે.

તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ જ વિશેષતા છે કે એમને અલગ વિચાર આવે છે અને એ સાકાર પણ કરી શકે છે. શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં બાર વર્ષ અને વડાપ્રધાન તરીકેના આઠ વર્ષ પૂર્ણ કર્યા બાદ આજે ૨૧મું વર્ષ છે. તેમનો મંત્ર સુશાસનનો છે. લોકોને વિશ્વાસ આપવો, લોકો માટે કામ કરવું અને એટલે જ દેશવાસીઓનો વિશ્વાસ વધ્યો છે. વડાપ્રધાનશ્રીના દ્રષ્ટિવંત આયોજન અને મકકમ નિર્ણાયક શકિતના પરિણામે સમગ્ર વિશ્વમાં આજે ભારતની નામના વધી છે. ભારત આજે અલગ આગવી ઓળખ ઊભી કરીને વિકસિત દેશોની હરોળમાં આવી ગયો છે.

તેમણે ઉમેર્યું કે, અમદાવાદ શહેરનું કાંકરિયા તળાવ સુસાઇડ તળાવ તરીકે ઓળખાતુ હતું, જ્યાં આજે લાખો લોકો આવે છે અને જીવનની નવી આશા લઈને જાય છે. સાબરમતી નદી કિનારે રિવરફ્રન્ટ બનવાને કારણે સુંદરતા વધી અને આજે એનો ઉપયોગ આપણે જોઈ રહ્યા છીએ.

શ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી હતા તે સમયે એમણે તત્કાલીન વડાપ્રધાનશ્રી મનમોહનસિંહને સૂર્ય પુત્ર દેશોને એકત્રિત કરીને સોલાર એનર્જી માટેની યોજના બનાવવા પત્ર લખ્યો પણ કંઈ થયું નહી.પણ આજે જ્યારે તેઓ વડાપ્રધાન બન્યા ત્યારે તેઓએ એમના આ વિચારોની શરૂઆત કરી દીધી છે. એ જ રીતે બી.આર.ટી.એસ. બધે જ અસફળ રહી પણ ગુજરાતમાં સફળ રહી છે. અમદાવાદ હેરિટેજ વોક પણ મેં ગુજરાતમાં કરી, જેમાં પણ આજે આર્કિટેક્ટ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ ત્યાં તમને સમજાવે છે એ માત્રને માત્ર વડાપ્રધાનશ્રીના આયોજનનને આભારી છે. શ્રી જાવડેકરે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ નેશનલ એજ્યુકેશન પોલિસીમાં અર્લી ચાઈલ્ડહુડ એજ્યુકેશન પર ખૂબ જ ભાર આપવામાં આવ્યો છે, જે આગામી સમયમાં મહત્વનો પુરવાર થશે. આંગણવાડી અને જિલ્લા પરિષદ શાળાઓ મર્જ થશે જે નેશનલ એજ્યુકેશન પોલિસીનો પણ ભાગ છે.



તેમણે ઉમેર્યું કે, ભૂતકાળમાં દેશવાસીઓને રાષ્ટ્રજોગ સંદેશ દ્વારા વડાપ્રધાનશ્રી સંબોધતા હતા ત્યારે આજે શ્રી મોદીજી એ મન કી બાત થકી એક એવો સંવાદ શરૂ કર્યો છે જેમાં દેશના લોકોને એક સંદેશ આપ્યો છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી મોદીએ ભારતના વિકાસ માટે ઇનોવેશનને પ્રાધાન્ય આપ્યું છે. દેશના યુવાનોમાં પડેલી શક્તિઓને બહાર લાવી તેઓ સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે સહભાગી બનીને યોગદાન આપી શકે એ માટે સતત માર્ગદર્શન આપી રહ્યા છે. બેટી બચાઓ બેટી પઢાઓ જેવા સામાજિક અભિયાનોમાં જનભાગીદારી જોડીને લોકોને પ્રોત્સાહિત કરીને કેવી રીતે લોકોને એક સાથે જોડીને કામ કરવું એ એમની ખાસિયત છે.

શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ચિલ્ડ્રન યુનિવર્સિટીના ૧૩માં સ્થાપના દિવસ કાર્યક્રમ નિમિત્તે તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આજથી ૧૨ વર્ષ પહેલા દીર્ઘદષ્ટિથી જે સંસ્થાની સ્થાપના કરી હતી તે આજે તેનો હેતુ સાર્થક કરી રહી છે. ક્વોલિટી એજ્યુકેશન માટે રાજ્ય હબ બને એ દિશામાં ગુજરાત આગળ વધ્યું છે. આજે ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓ વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં ઊભા રહી શકે તેવા વિદ્યાર્થીઓ પેદા કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે પણ સ્ટેન્ડ અપ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, બેટી બચાઓ-બેટી પઢાઓ, શાળા પ્રવેશોત્સવ વગેરે કોઈ ઉમદા કાર્યોની શરૂઆત કરી ત્યારે જનસમુદાયને સામાન્ય લાગ્યાં હતાં, પરંતુ જ્યારે તેના પરિણામો મળી રહ્યાં છે ત્યારે વડાપ્રધાન મોદીની દૂરંદેશિતાના દર્શન થાય છે. એટલે જ તેઓ આપણા દેશ અને ગુજરાતનું એક ઘરેણું છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે રાષ્ટ્રીય સ્કીલ ડેવલપમેન્ટ નિગમ અને બંને યુનિવર્સિટી વચ્ચે જે એમ.ઓ.યુ. થયું, જે શિક્ષણ જગતમાં એક નવું સોપાન ઉમેરશે એ ગૌરવની બાબત છે. તાજેતરમાં રાજ્યની પ્રથમ ઓપન યુનિવર્સિટી બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ૭ ગ્રેડ, ગુજરાત યુનિવર્સિટીને ૪ ગ્રેડ તથા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ એજ્યુકેશનને ૪ ગ્રેડ મળ્યો છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, રાજ્ય સરકાર દ્વારા નેશનલ એજ્યુકેશન પોલિસીના અમલીકરણ માટે તજજ્ઞની કમિટી માટેનો નિર્ણય પણ લઈ લેવાયો છે તેમજ સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ પોલિસી અંગે પણ તજજ્ઞોની કમિટી બનાવવામાં આવી છે. તેમણે પ્રત્યેક વ્યક્તિએ પોત પોતાના ક્ષેત્રમાં સમાજમાં હકારાત્મક અસર ઊભી થાય તે માટે કામ કરવા અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રી વાઘાણીએ ચિલ્ડ્રન યુનિવર્સીટીની આધ્યાત્મિક બાબતો વિશે જણાવ્યું હતું કે, સગર્ભા મહિલાઓ માટે પણ શાસ્ત્ર એટલે આપણી સંસ્કૃતિ અને અધ્યાત્મને સ્વીકારીને વિજ્ઞાન સાથે એને જોડયું એ મોદીજીનું સ્વપ્ન આજે ૧૩માં વર્ષમાં સાકાર પામ્યું છે.

રાજ્ય શિક્ષણ મંત્રીશ્રી કુબેર ભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, મોદી જ૨૦ પુસ્તક એક વ્યક્તિએ સપનાઓને સિદ્ધ કેવી રીતે કરવા તેનો ચિતાર આપે છે. આજનો યુવાન આ વિચારને સમજે તે ખૂબ જ જરૂરી છે. આ યુનિવર્સિટીની સ્થાપનાથી નવા ભવિષ્યનું નિર્માણ થશે. તેમણે સૌને સાથે મળીને નવા સમાજ, નવા રાષ્ટ્રનું નિર્માણ કરવા તેમજ આજે વિશ્વ ભારત તરફ મીટ માંડીને બેઠો છે ત્યારે દેશને વિશ્વ ગુરુ બનાવવાના રાહમાં કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, યુનિવર્સિટીના ૧૩માં વર્ષના ૧૩ સંકલ્પ સાથે તેમણે એક નવો સંકલ્પ એટલે કે ૧૪મો સંકલ્પ ઉમેરવા પણ અનુરોધ કર્યો હતો, જેમાં માતા અને બહેનોને ગર્ભ સંસ્કારનું વિસ્તૃત શિક્ષણ આપવા માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગને જોડીને 'ગર્ભ સંસ્કાર ઉત્સવ' તરીકે ઉજવવાનું તેમણે સૂચન કર્યું હતું.

મંત્રીશ્રીએ કહ્યું કે, બાળક માતાના ગર્ભથી લઈને પુખ્ત વયનું થાય ત્યાં સુધી યોગ્ય શિક્ષણ મળે તેનો વિચાર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કરી રહી છે અને તેમના આ કાર્યને આગળ લઈ જવા માટે આપણે સૌ સાથે મળીને કટિબદ્ધતાથી કામ કરવા હાકલ કરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.